Wednesday, 26 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૯૮ ● સંવત-૨૦૮૨ માગશર સુદ છઠ્ઠ ● Web: www.vartmanpravah.com
vartmanpravah @VartmanPravahD



પ્રેમની શક્તિ દંડની શક્તિથી એક હજાર ગણી પ્રભાવશાળી અને સ્થાયી હોય છે.
-મહાત્મા ગાંધીજી

### સેલવાસ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટનો ચુકાદો

## દાનહના કૂડાચા ગામે તરૂણ સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવાના કેસમાં યુવાનને ૨૦ વર્ષની કેદ

### પાડોશી વિધર્મી યુવાન મોઢુ દબાવી તેની રૂમમાં લઈ ગયો હતોઃગભરાયેલા અશોકે પરિવારને રૂસ્તમ ખાનના ગંભીર કૃત્ય અંગે આખી બીના જણાવતા પરિવાર સ્તબ્ધ બની ગયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ,તા.૨૫**

દાદરા નગર હવેલીના કૂડાચા ગામે વર્ષ ૨૦૨૪માં ૧૩ વર્ષીય તરૂણ સાથે સૃષ્ટિ વિરૂદ્ધ કૃત્ય કરવાના ગુનામાં સેલવાસ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવી ૨૦ વર્ષની કેદની સજા અને રૂ.૨૫ હજારનો દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો હતો. ભોગબનનાર તરૂણ ઘરેથી ટ્યુશને જવા નીકળ્યો ત્યારે પાડોશી વિધર્મી યુવાન મોઢુ દબાવી તેની રૂમમાં લઈ ગયા બાદ ગંભીર કૃત્ય કર્યું હતું.

કેસની પ્રાપ્ત વિગત પ્રમાણે, દાદરા નગર હવેલીના કૂડાચા ગામે એક પરપ્રાંતિય પરિવાર રહે છે. ગત તા.૨૬-૩-૨૪ના રોજ પરિવારનું દંપતિ સવારે રાબેતા મુજબ કંપનીમાં નોકરી પર ગયું હતું. જ્યારે પરિવારનો ૧૩ વર્ષીય અશોક (નામ બદલ્યું છે.) રાબેતા મુજબ ઘર નજીક આવેલા ટ્યુશન કલાસમાં ટ્યુશન પર જવા નીકળ્યો હતો. તે દરમિયાન રસ્તામાં અચાનક પાડોશમાં રહેતો રૂસ્તમ અલાઉદીન ખાન ધસી જઈ અશોકનું મોઢું દબાવી તેની રૂમમાં લઈ ગયા હતો. બાદમાં રૂમનો દરવાજો બંધ કરી અશોકના ગુપ્તાંગ સાથે છેડછાડ કરી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે અશોકને નીચે ઊંઘવા જણાવતા જ અશોક રૂસ્તમની નજર ચૂકવી રૂમમાંથી પોતાના ઘરે ચાલી ગયો હતો. ગભરાયેલા અશોકે પરિવારને રૂસ્તમ ખાનના ગંભીર કૃત્ય અંગે આખી બીના જણાવતા પરિવાર સ્તબ્ધ બની ગયું હતું. અશોકના પરિવારજનો પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગંભીર



ગુનામાં રૂસ્તમ ખાનની ધરપકડ કરી મેડિકલ પરિક્ષણ પણ કરાવ્યું હતું. સેલવાસ પોલીસે આ કેસમાં ચાર્જશીટ પણ દાખલ કરી દીધી હતી. સેલવાસ સૅશન્ડ એન્ડ ડિસ્ટ્રીકટ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં સરકારી વકીલ નિપૂણાબેન રાઠોડે ભોગ બનનાર સહિત અનેક લોકોની જુબાની, મેડિકલ રિપોર્ટ સહિત અનેક પુરાવા સાથે દલીલો કરી હતી. જજ વિભા પી. ઈંગલેએ આરોપી રૂસ્તમ ખાનને તકસીરવાર ઠેરવી ૨૦ વર્ષની કેદની સજા અને રૂ.૨૫ હજારનો દંડ ફટકારતો મહત્વનો ચૂકદો આપ્યો છે. દંડની રકમ નહીં ભરે તો વધુ ૬ માસની કેદની સજાની જોગવાઈ કરી છે.

## બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએને મળેલા પ્રચંડ વિજય બાદ દમણ-દીવના સાંસદશ્રીના પણ બદલાયેલા સૂર

### સાંસદ બનવા પહેલાં અને બન્યા બાદ ઉમેશ પટેલે સંઘપ્રદેશના લગભગ તમામ પ્રોજેક્ટોનો વિરોધ કર્યો હતો અને હવે પ્રશંસા કરતા પણ થાકતા નથી..! આ શું બતાવે છે...? સાંસદશ્રીની કરણી અને કથનીમાં ભેદ કે પછી પોતાના સ્વાર્થ માટે પ્રજાને ગુમરાહ કરવાનો કીમિયો..!?

**સ્પેશયલ કોમેન્ટ**
**-મુકેશ ગોસાવી**

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએના પ્રચંડ વિજય બાદ દેશના બદલાયેલા રાજકીય સમીકરણની સાથે દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં પણ તેની પ્રભાવશાળી અસર દેખાવા માંડી છે.

સંઘપ્રદેશની પંચાયતો અને નગરપાલિકાની યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશ પટેલે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની બોલીનું પુનરાવર્તન કરી આક્ષેપ લગાવ્યો હતો કે, સંઘપ્રદેશમાં ચૂંટણી જ ચોરી લેવામાં આવી છે અને ભારતીય જનતા પક્ષ તથા ચૂંટણી તંત્ર ઉપર અનાપ-સનાપ અનેક આરોપો પણ લગાવ્યા હતા.

સંઘપ્રદેશની યોજાયેલ ચૂંટણીમાં પણ ભાજપને મળેલા ઐતિહાસિક વિજય બાદ બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પણ એનડીએને મળેલા પ્રચંડ પ્રતિસાદથી હવે દમણ-દીવના સાંસદશ્રીએ પણ જાહેરમાં ભાજપ અને પ્રધાનમંત્રીશ્રી તથા ગૃહમંત્રીશ્રી અને સંઘપ્રદેશ પ્રશાસને કરેલા વિકાસ કામોના ગુણગાન ગાવાનું શરૂ કર્યું છે. સાંસદશ્રીમાં આવેલા હકારાત્મક પરિવર્તનની નોંધ સમગ્ર સંઘપ્રદેશ પણ લઈ રહ્યું છે.

અત્રે નોંધનીય છે કે, સાંસદ બનવા પહેલાં અને બન્યા બાદ શ્રી ઉમેશ પટેલે જમ્પોરના રામસેતૂ બીચ રોડ અને દેવકાના નમો પથના નિર્માણ બાબતે પણ પોતાનો વિરોધ પ્રગટ કર્યો હતો. તેમણે દમણના પ્રવાસન માટે પ્રસિદ્ધ બનેલ એવીઅરી માટે પણ પોતાનો અસંતોષ જાહેર કર્યો હતો. શ્રી ઉમેશ પટેલે નમો મેડિકલ કોલેજને પણ છોડી નહીં હતી અને દમણમાં આકાર લઈ રહેલા એરપોર્ટના નિર્માણમાં પણ તેમણે આંગળીચાળો કરવા કંઈ બાકી નહીં રાખ્યું હતું.

સંઘપ્રદેશમાં બનનાર કન્વેન્શન સેન્ટરનો પણ હાલમાં જોરદાર વિરોધ કરી રહ્યા છે. પરંતુ કન્વેન્શન સેન્ટર પણ બની ગયા બાદ શ્રી ઉમેશ પટેલ એના નિર્માણનો શ્રેય લેવા નહીં દોડે એ સંશયનો વિષય છે. કારણ કે, હાલમાં શ્રી ઉમેશ પટેલે જેટલા પણ પ્રોજેક્ટોની ટીકા કરી અથવા પ્રદેશના હિતમાં નહીં હોવાની કરેલી ઘોષણા બાદ હવે તેમને પણ આ પ્રોજેક્ટો પ્રદેશના હિતમાં હોવાનું સ્વીકારવાની ફરજ પડી છે. જે ખરેખર સંઘપ્રદેશ પ્રશાસનની સૌથી મોટી સફળતા પણ છે અને સાંસદ શ્રી ઉમેશ પટેલની કરણી અને કથનીમાં ભેદ હોવાનું પણ ખુલ્લું પડ્યું છે. તેઓ ફક્ત પ્રજાજનોને ગુમરાહ કરતા હોવાનું પણ હવે ખુલ્લું થયું છે.

**એક્સ્ટ્રા કોમેન્ટ**

**દાદરા નગર હવેલી અને દમણ-દીવનો છેલ્લા ૧૦ વર્ષમાં જેટલો વિકાસ થયો તેટલો વિકાસ પ્રશાસક તરીકે શ્રી પ્રફુલભાઈ પટેલ નહીં હોત તો થઈ શક્યો હોત ખરો? કારણ કે, રામસેતૂ બીચ રોડ, નમો પથ, એવીઅરી, કિલ્લાનું સૌંદર્યકરણ, નમો મેડિકલ કોલેજ સહિતના તમામ પ્રોજેક્ટો પ્રશાસકશ્રીના મૌલિક વિચારોનું બીજ હતું. આ પ્રકારની આવડત અને કૂનેહ ભાગ્યે જ કોઈ અધિકારી કે નેતા પાસે પણ હતી. તેથી પ્રદેશના લોકો ભાગ્યશાળી છે કે દૂરંદેશી ધરાવતા અને પ્રદેશના હિતને સમજનારા પ્રશાસકશ્રી મળ્યા છે.**

### ‘રાષ્ટ્રીય આરોગ્ય મિશન’ હેઠળ

## સંઘપ્રદેશમાં ‘સ્વસ્થ લોકો, સ્વસ્થ સમાજ’ અભિયાન માટે તાલીમ સત્રનું કરાયેલું આયોજન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૫**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ‘રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન’ અંતર્ગત ૦૧ ડિસેમ્બર- ૨૦૨૫થી ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી ‘સ્વસ્થ લોકો, સ્વસ્થ સમાજ’ અભિયાન ચલાવવામાં આવશે. જે દરમ્યાન આરોગ્ય વિભાગના કર્મચારીઓ લોકોના ઘરે ઘરે જઈ બિનચેપી રોગો, કેન્સર, માનસિક સ્વાસ્થ્ય, પેલિએટીવ કેર અને હાયપરટેન્શનની તપાસ કરશે અને સંભવિત દર્દીઓને આરોગ્ય સંસ્થાઓમાં વધુ તપાસ અને સારવાર માટે માર્ગદર્શન આપશે.



આ અભિયાનને સફળ કરવા માટે સેલવાસ ખાતેની નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સભાખંડમાં, મોટી દમણ હોસ્પિટલના કોન્ફરન્સ હોલમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ માટે તાલીમ સત્રનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. - (વધુ પાના નં.૨ પર)

### પ્રદેશ પ્રભારી દુષ્યંતભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયાની અનુમતિથી

## દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ લઘુમતિ મોરચાની ૧૮ સભ્યોની ટીમની પ્રદેશ પ્રમુખ ઈકબાલ મામોદજીએ કરેલી જાહેરાત



**દમણ ન.પા.ના નવનિર્વાચિત કાઉન્સિલર તમન્ના ખોજાને પ્રદેશ મહામંત્રીની આપવામાં આવી જવાબદારીઃ નરેન્દ્ર સિંહ રેનેસ કોષાધ્યક્ષની જવાબદારી સંભાળશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૫**

દાદરા નગર હવેલી પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા સાથે ચર્ચા-વિચારણાં કર્યા બાદ પ્રદેશ ભાજપ લઘુમતિ મોરચાના અધ્યક્ષ શ્રી ઈકબાલ મામોદજીએ પ્રદેશ પદાધિકારીઓની ટીમ જાહેર કરી છે. જેમાં ૬ ઉપ પ્રમુખ, ૨ મહામંત્રી અને ૬ મંત્રી, ૧ કોષાધ્યક્ષ, ૨ સોશિયલ મીડિયા સંયોજક અને ૧ આઈ.ટી.સેલ સંયોજક મળી કુલ ૧૮ સભ્યોની ટીમ બનાવવામાં આવી છે.

લઘુમતિ મોરચાના પ્રદેશ ઉપ પ્રમુખ તરીકે યાસ્મીન શેખ, મોહમ્મદ અલી ઉનિસ્મિયા, રમેશ કુમાર ધોકા, સોહેબ અનવર શૈખ, ફિર્દોજ દાદાભોયા વાડિયા અને અમિનભાઈ મમદાનીની નિયુક્તિ કરવામાં આવી છે. મહામંત્રી તરીકેની જવાબદારી મુસ્તાક બાબુ તવા અને તમન્ના મિઠાનીને સોંપવામાં આવી છે. જ્યારે મંત્રી તરીકે વાહિદભાઈ કાલિયા, રોસમિન નજીરખાન પઠાન, મોહમ્મદ હુસૈન માજિદ માનસુરી, અબેદા વૈદયા, આદિલ બરકત રૂપાની અને રફીક ઈબ્રઈમોની નિમણૂક કરવામાં આવી છે.

## દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં લઘુમતી સમુદાયે આઝાદી બાદ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કરેલી અભૂતપૂર્વ પ્રગતિઃ પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયા

**પ્રદેશ ભાજપ કાર્યાલય અટલ ભવન સેલવાસ ખાતે ભાજપ લઘુમતિ મોર્ચાની મળેલી બેઠક**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૫**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાની હાજરીમાં અને પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ શ્રી ઈકબાલભાઈ મામદાનીની અધ્યક્ષતામાં, આજે પાર્ટી કાર્યાલય, અટલ ભવન, સેલવાસ ખાતે પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાની ટીમનું ગઠન કરવામાં આવ્યું હતું. દરમિયાન જિલ્લા ભાજપના પાંચ પ્રમુખોના નામની પણ જાહેરાત કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રદેશ ભાજપ કાર્યાલય અટલ ભવન સેલવાસ ખાતે આજે પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલના માર્ગદર્શનમાં પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાની ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપ લઘુમતિ મોરચાના પ્રમુખ શ્રી ઈકબાલભાઈ મામદાનીના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં પ્રદેશ ભાજપ લઘુમતી સમુદાયના સભ્યોને સંબોધતા, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ અગરિયાએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં, લઘુમતી સમુદાયે - (વધુ પાના નં.૨ પર)

## દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ લઘુમતિ મોરચાના જિલ્લા પ્રમુખોની કરાયેલી જાહેરાત

### દમણ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે વસિમ સૈયદ, દીવ જિલ્લાના સાજીદ કાસમ કટારિયા, સેલવાસ શહેર સરવર કાલિયા, સેલવાસ ગ્રામીણ જિલ્લાના ગુલમોહમ્મદ શેખ અને ખાનવેલ જિલ્લાના લઘુમતિ મોરચાના અદ્યક્ષ પદે અફઝલ કાલિયાની કરાયેલી નિયુક્તિ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૫:** દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપે પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા સાથે ચર્ચા-વિચારણાં કર્યા બાદ સેલવાસ શહેર જિલ્લા ભાજપ લઘુમતિ મોરચાના અધ્યક્ષ તરીકે શ્રી સરવર કુતુબુદ્દીન કાલિયા, સેલવાસ ગ્રામીણ જિલ્લા ભાજપ લઘુમતિ મોરચાના પ્રમુખ તરીકે શ્રી ગુલમોહમ્મદ હમીદ શેખ, ખાનવેલ જિલ્લાના અફઝલ નિસાર કાલિયા, દમણ જિલ્લાના વસિમ શાહબુદ્દીન સૈયદ અને દીવ જિલ્લાના લઘુમતિ મોરચાના અધ્યક્ષ તરીકે શ્રી સાજીદ કાસમ કટારિયાની નિયુક્તિ કરી છે.




## સુવિચાર - સદ્વિચાર

વિશ્વાસ વગરનું જીવન અધૂરૂ છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### ખરીદી લીધું છે રાતે જે સપનું ચાંદનીનું છે

ખરીદી લીધું છે રાતે જે સપનું ચાંદનીનું છે
અરે ઓ સૂર્ય આ વેચાણ તારી રોશનીનું છે

થયા છે એકઠા પાછા ફરી શ્વાસોના સોદાગર
ફરી રસ્તા ઉપર લીલામ કોની જિંદગીનું છે

બિચારાનું હશે કિસ્મત રહ્યા અરમાન હસવાના
કફન તો સૂકવી આપો હજી આંસુથી ભીનું છે

અમે ભિક્ષુક ખરા પણ આટલું તો માન સચવાયું
હજી આ પાત્ર ભિક્ષાનું અમારી માલિકીનું છે

મળી છે રાત અંધારી અને બોલી નથી શકતા
અરે સૂરજના સોદાગર વચન તો ચાંદનીનું છે

કરે તપ દેશભક્તિનું નચાવે લોકશાહીને
બરાબર જોઈએ તો રૂપ આ નેતાગીરીનું છે

જરા ચેતીને આદમ ચાલજો નેતાની સંગતમાં
કે ખિસ્સામાં તો કાંટા છે અધર પર સ્મિત કળીનું છે

**- શેખાદમ આબુવાલા**

## આજની જોક

એક જુગારીએ બીજા જુગારીને કહ્યું : 'મારી સમાજમાં એ નથી આવતું કે મારી સાથે જુગાર રમવામાં તું દર વખતે જીતી જાય છે. પરંતુ રેસમાં કેમ હારી જાય છે ?'
બીજા જુગારીએ ચોખવટ કરી : 'વાત એમ છે કે હું રેસમાં ઘોડાને બેવકૂફ નથી બનાવી શકતો એટલે.'

## કબીર વાણી

**માયા માથે શિંગડાં, લંબા નવ નવ હાથ;**
**આગે મારે શિંગડાં, પિછે મારે લાત.**

**- અર્થાત-**

માયાને માથે નવ નવ હાથ જેટલાં લાંબા શિંગડાં છે; તેની સામે ગયા તો શિંગડાં મારે, ને પછવાડે લાગ્યા તો લાત ઝાડે, આમ બન્ને તરફથી માણસને તે મારે છે.

## આજનો દિન વિશેષ

### હરિ સિંહ ગૌર

સર હરિ સિંહ ગૌર FRSL (૨૬ નવેમ્બર ૧૮૭૦ - ૨૫ ડિસેમ્બર ૧૯૪૯) એક પ્રતિષ્ઠિત વકીલ, ન્યાયશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી, સમાજ સુધારક, કવિ અને નવલકથાકાર હતા. ગૌર દિલ્હી યુનિવર્સિટી અને નાગપુર યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર, સાગર યુનિવર્સિટીના સ્થાપક અને વાઈસ ચાન્સેલર, બ્રિટિશ ભારતની સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીના ડેપ્યુટી પ્રેસિડેન્ટ, સંયુક્ત સંસદીય સમિતિના ભારતીય પ્રતિનિધિ, સભ્ય હતા. ભારતીય બંધારણ પરના રોયલ કમિશન સાથે સંકળાયેલી ભારતીય કેન્દ્રીય સમિતિ (જે સાયમન કમિશન તરીકે જાણીતી છે), અને રોયલ સોસાયટી ઓફ લિટરેચરના ફેલો.

હરિ સિંહ ગૌરનો જન્મ ૨૬ નવેમ્બર ૧૮૭૦ ના રોજ મધ્ય પ્રદેશ રાજ્યમાં સાગર નજીક એક ગરીબ રાજપૂત પરિવારમાં થયો હતો. પરિવારને હરિ સિંહના મોટા ભાઈ દ્વારા ટેકો આપવો પડ્યો હતો જેણે દર મહિને ૫૦ રૂપિયાનું ભથ્થું પૂરું પાડ્યું હતું. હરિસિંહના પિતા સુથાર અને ખેડૂત હતા પરંતુ યુવાન છોકરાને બંનેમાંથી કોઈ વેપારમાં રસ નહોતો. દસ વર્ષની ઉંમરે, હરિ સિંહે દર મહિને બે રૂપિયાની શિષ્યવૃત્તિ જીતી જેનાથી તે સાગરમાં રાત્રિ શાળામાં ભણવા સક્ષમ બન્યા.

બાદમાં, બીજી શિષ્યવૃત્તિની મદદથી તેઓ વધુ અભ્યાસ કરવા જબલપુર ગયા. ગણિત તેમનો પ્રિય વિષય હતો અને આ માટે તેમને વિશેષ ઈનામ મળ્યું હતું. જબલપુરમાં, તેઓ તેમના મેટ્રિક માટે ગયા હતા પરંતુ તેઓ પ્રથમ વખત નાપાસ થયા હતા કારણ કે તેઓ ખૂબ જ વ્યથિત હતા કારણ કે કોઈએ તેમની સોનાની વીંટી ચોરી લીધી હતી જે તેઓ તેમની તમામ શિષ્યવૃત્તિમાંથી ૧૦ રૂપિયા બચાવીને લાવ્યા હતા. પરંતુ બીજી વખત તે સારા માર્ક્સ સાથે પાસ આઉટ થયો હતો. તેમણે તેમની મધ્યવર્તી પરીક્ષા હિસ્લોપ કોલેજ, નાગપુર, એક મફત ચર્ચ સંસ્થામાંથી પાસ કરી, સમગ્ર પ્રાંતમાં પ્રથમ ક્રમે રહી.

## બ્યુટીટીપ્સ

### ચમકતી ત્વચા અને ઘટ્ટ-લાંબા વાળ મળશે આ સફેદ ડ્રીંકથી, જાણી લો ઝટપટ રેસિપી અને કરો તૈયાર

ન્યૂટ્રિશનિસ્ટ કિરણ કુકરેજા (Kiran Kukreja, Certified Dietitian) પાસેથી જાણો, એવા હેલ્ધી ડ્રીંક વિશે જેના સેવનથી વાળ અને સ્કિનની સમસ્યાઓનું એકસાથે જ સમાધાન મળશે.

**ડ્રીંક બનાવવા માટે સામગ્રી**

૪-૫ છોલેલી બદામ, ૧ મોટી ચમચી મિક્સ સીડ્સ (સન ફલાવર, કોળા અને તલના બીજ), ૧ ખજૂર, ૫-૬ સોલ્ટવાળા પિસ્તા.

**ડ્રીંક બનાવવાની વિધિ**

સૌથી પહેલાં ઉપર જણાવેલી દરેક ચીજોને ઓછામાં ઓછા ૨ કલાક માટે પલાળીને રાખો. હવે એક બ્લેન્ડરમાં આ પલાળેલી સામગ્રીને નાખો. પલાળેલા કેસરનું પાણી, એક ચપટી ઈલાયચી પાઉડર અને ૧ ગ્લાસ નારિયેળનું દૂધ તેમાં મિક્સ કરો. ધ્યાન રાખો કે, તમારી પાસે નારિયેળનું દૂધ નથી તો તાજા કાપેલા નારિયેળના ટૂકડાનો ઉપયોગ કરો. આ સામગ્રી મુલાયમ બને ત્યાં સુધી બ્લેન્ડ કરો. દમકતી ત્વચા અને હેલ્ધી વાળ માટે ટ્રાય કરો આ સ્મૂધી.

**ક્યારે કરશો સેવન?**

આ ડ્રીંક પીવા માટે સવારનો સમય ઉત્તમ છે, તે શરીરમાં એનર્જી લાવવાની સાથે સાથે ચહેરા પર ચમક લાવશે. જો તમે વેઈટ લોસનું પ્લાનિંગ કરી રહ્યા હોવ તો તેને બ્રેકફાસ્ટ ડ્રીંકની માફક પણ પી શકો છો. આનાથી વજન કંટ્રોલ કરવામાં મદદ મળશે.

**નોંધ:** આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, જે ઈન્સ્ટાગ્રામ પર પ્રકાશિત વીડિયો પર આધારિત છે. IAG તેની સટીકતા અને અસર માટે જવાબદાર નથી. કોઈ પણ પ્રકારે ઘરેલુ નુસખાને અજમાવતા અગાઉ કોઈ એક્સપર્ટની સલાહ લો.

### ૧૧ કન્ટેનર પંજાબથી મુંદરા પોર્ટ માર્ગે ધુસાડી દેવાયાં છે

# કરોડોનો દારૂ ટ્રેન મારફતે ગુજરાતમાં લવાયો, બે કન્ટેનર પકડાયા છે

## મુન્દ્રા પોર્ટથી દેશમાં જ ચીજવસ્તુની હેરાફેરીના બહાને દારૂની હેરાફેરી કરવાનું નેટવર્ક સ્ટેટ મોનિટરિંગ સેલે ધ્વસ્ત કર્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૫**

ગાંધીનગરમાં ડીજીપીની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે શનિવાર અને રવિવારે મુન્દ્રા પોર્ટ નજીક પ્રાગપર ચોકડી પાસે કુલ ૨.૯૭ કરોડનો દારૂ ભરેલા બે કન્ટેનર પકડી પાડ્યા હતા. દારૂના ગોરખધંધા માટે પાસાતળે જેલમાં રહેલા કચ્છના કેરા ગામના બુટલેગર અનોપસિંહ રાઠોડે પંજાબથી ટ્રેન મારફતે મુંદરા પોર્ટ ઉપર દારૂ મગાવવાનું નેટવર્ક ગોઠવ્યું છે. જેલમાં હોવા છતાં બૂટલેગરનું નેટવર્ક ચાલતું હતું અને ટ્રેન માર્ગે ત્રણ જ મહિનામાં દારૂના ૧૧ કન્ટેનર પંજાબથી મુન્દ્રા પોર્ટ માર્ગે ધુસાડી દેવાયાં છે.

મુન્દ્રા પોર્ટથી દેશમાં જ ચીજવસ્તુની હેરાફેરીના બહાને દારૂની હેરાફેરી કરવાનું નેટવર્ક સ્ટેટ મોનિટરિંગ સેલે ધ્વસ્ત કર્યું છે. પોલીસ સત્તાધીશોનું કહેવું છે કે, દેશમાં જ ચીજવસ્તુ લઈ જવાતી હોવાથી ડોમેસ્ટિક કન્ટેનર્સની તપાસ કરવામાં આવતી નથી. મુન્દ્રા પોલીસ મથકે અલગ અલગ બે ફરિયાદમાં છ લોકો સામે ગુનો નોંધાયો છે. કરોડો રૂપિયાનો દારૂ કચ્છમાં જ વેચાતો હતો કે સુરત લઈ જવાતો હતો તે અંગે સ્ટેટ સેલે તપાસ આરંભી છે.

મુન્દ્રા પોલીસ મથકે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા નોંધવામાં



આવેલી ફરિયાદ મુજબ, મુન્દ્રાના રાશાપીર સર્કલ પાસે ટ્રેલરના ડ્રાઈવર ૩૫ વર્ષીય જોગારામ જાટ અને ૨૩ વર્ષીય ભજનારામ બિસ્નોઇ કન્ટેનરમાં દારૂ ભરી મુન્દ્રા પોર્ટથી મુંદરા તરફ હેરાફેરી કરી રહ્યા છે. બોરાણા સર્કલ પાસેથી ટ્રેલર સાથે બે આરોપીઓને ઝડપી લીધા હતા. પકડાયેલા ડ્રાઈવર જોગારામની પૂછપરછમાં તેણે કબૂલ્યું કે, આ ટ્રેલર તેની માલિકીનું હોવાનું અને પંજાબથી મુન્દ્રા પોર્ટ ખાતે કન્ટેનરમાં દારૂ આવ્યો છે લેવા આવ્યો છે. જયગુરૂદેવસિંહએ વોટ્સએપમાં ફોર્મ નંબર ૯ મોકલાવ્યું છે. જેના આધારે મુન્દ્રા પોર્ટ પરથી કન્ટેનર મેળવીને ટ્રેલરમાં ભરી પ્રાગપર ચોકડી પાસે આવેલ રંગલા પંજાબ હોટલ ખાતે ભજનારામ બિશ્નોઇને આપવાનો હતો. ભજનારામ કન્ટેનર ખાલી કરીને પરત આપતો હતો.

આ દારૂની હેરાફેરીમાં તેને રૂપિયા ૫૦ હજાર બાલાજી ટ્રેડીંગ કંપનીવાળા મોકલાતા હોવાનું કબૂલ્યું હતું. ડીજીપી સ્કવૉડની ટીમે બંને આરોપીઓને મુન્દ્રા પોર્ટ ખાતે લઈ જઈ કસ્ટમ્સ અને પોર્ટ ઓથોરિટીની મંજૂરી સાથે તપાસ કરતાં ૧.૫૪ કરોડની કિંમતની વિદેશી દારૂની ૧૧,૭૩૧ બોટલો મળી હતી. આ તમામ બોટલોના બેચ નંબર હટાવી દેવાયા હતા. આ કન્ટેનરનું બિલ ઓઇલનું હતું પણ અંદર દારૂ ભરેલો હતો. ગાંધીનગર પોલીસની ટીમે મુન્દ્રા પોલીસ મથકે એસએમસીએ મુન્દ્રા પોલીસમાં હાજર મળી આવેલા. રાજસ્થાનના ડ્રાવવર જોગારામ અને ભજનારામ તેમજ દારૂ મંગાવનાર કેરાનો કુખ્યાત બૂટલેગર અનોપસિંહ રાઠોડ, કાળુ, માલ મોકલનાર લુધીયાણા બાલાજી ટ્રેડીંગ કંપનીના સુખદેવસિંહ અને જયગુરૂદેવસિંહ તેમજ તપાસમાં નીકળે તે સહિતનાઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

નોંધનીય છે કે, આ દરમિયાન એસએમસીની બીજી ટીમ દ્વારા બાતમી પરથી મુન્દ્રા પોર્ટના રેલ્વે સ્ટેશન ખાતે આર.એન.ડી. યાર્ડમાંથી અન્ય એક કન્ટેનર પકડી પાડ્યું હતું. જેમાં પણ પંજાબના લુધિયાણાના બાલાજી ટ્રેડીંગ કંપનીના સુખદેવસિંહએ ખોટી બીલ્ટીથી કન્ટેનર મોકલાવ્યું હોવાનું સામે આવ્યું હતું. આ ન્ટેનરમાંથી ૧.૪૨ કરોડની કિંમતની દારૂની ૧૨૬૦૦ બોટલો મળતા મુન્દ્રા પોલીસે સુખદેવસિંહ અને દારૂનો જથ્થો મંગાવનારા સામે ફરિયાદ નોંધાવી હતી. એક મહિનાથી પાસાતળે જેલમાં હોવા છતાં દારૂનો નેટવર્ક ચલાવતા બૂટલેગર અનોપસિંહ વિરૂદ્ધ દારૂના અત્યાર સુધી ૨૩ ગુના નોંધાયેલા છે. બૂટલેગર અનોપસિંહે પંજાબથી ટ્રેન રસ્તે ત્રણ જ મહિનામાં દારૂ ભરેલા ૧૧ કન્ટેનર એટલે કે અંદાજે ૧૫ કરોડનો દારૂ મુન્દ્રા પોર્ટના લોકલ ટર્મિનલ ઉપર ઘુસાડીને બીજા રાજયમાં સામાનની નિકાસના બહાને ગુજરાતમાં જ દારૂનો ધુસાડ્યાનો ઘટસ્ફોટ થયો છે. આ આખું નેટવર્ક તોડવા માટે સ્ટેટ મોનિટરીંગ સેલ દારૂના બંને કેસની તપાસ ખુદ કરી રહી છે.

### આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને ડેપ્યુટી આર્મી ચીફ લેફટનન્ટ જનરલ પુષ્પેન્દ્ર સિંહ વ્યક્તિગત રીતે

# પ્રથમ વખત ૧૯૮૦ના યુદ્ધમાં શહીદ થયેલ ૧૧૭૧ જવાનોને શ્રદ્ધાંજલિ આપશે

## આંતકીઓનો ખાતમો કરવા તેમજ ઘૂસણખોરી કરનાર લોકો સામે લડી બહાદુરીથી ભારતીય સૈનિકો લડયા અને આ ઓપરેશન સફળ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવીદિલ્હી,તા.૨૫**

ભારતીય સૈનિકોએ અનેક લડાઈ લડી સફળ ઓપરેશન પાર પાડ્યા છે. ઓપરેશન સિંદૂર, ઓપરેશન બ્લૂ સ્ટાર જેવા અનેક ઓપરેશનમાં સેના અને જવાનોની બહાદુરી જોઈ.

દેશની સરહદની રક્ષા માટે, આંતકીઓનો ખાતમો કરવા તેમજ ઘૂસણખોરી કરનાર લોકો સામે લડી બહાદુરીથી ભારતીય સૈનિકો લડયા અને આ ઓપરેશન સફળ કર્યા. આ ઓપરેશન દરમિયાન કેટલાક સૈનિકો મોતને પણ ભેટયા. સેના પ્રથમ વખત સત્તાવાર રીતે ૧૧૭૧ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી રહી છે. આ સૈનિકો ઓપરેશન પવનમાં શહીદ થયા હતા.

જાણો શું છે ઓપરેશન પવન. ઓક્ટોબર ૧૯૮૭ થી માર્ચ ૧૯૯૦ સુધી ચાલેલા આ ઓપરેશનને 'ઓપરેશન પવન' કહેવામાં આવતું હતું. ૧૯૮૭માં, રાજીવ ગાંધી સરકારે તમિલ અને સિંહાલી સમુદાયો વચ્ચેના ગૃહયુદ્ધનો અંત લાવવા માટે ભારતીય શાંતિ રક્ષા દળ (IPKF) શ્રીલંકા મોકલ્યું. જેનો હેતુ LTTE જેવા તમિલ આતંકવાદી જૂથોને નિ:શસ્ત્ર કરવાનો અને શાંતિ સ્થાપિત કરવાનો હતો. જોકે, LTTE એ કરાર તોડી નાખ્યો અને ભારતીય સેના સાથે અથડામણ કરી. સૈનિકોએ જંગલો અને ઝાડીઓમાં છુપાયેલા LTTE સાથે લડાઈ કરી. LTTE અને સૈનિકો વચ્ચે ભયંકર અથડામણ થઈ હતી. જેમાં અનેક ભારતીય સૈનિકો શહીદ થયા. સૌથી અગ્રણી નામ પરમવીર ચક્ર વિજેતા મેજર રામાસ્વામી પરમેશ્વરનનું છે, જે ૨૫ નવેમ્બર, ૧૯૮૭ના રોજ શહીદ થયા હતા. આ ઓપરેશનમાં, ૧૧૭૧ ભારતીય સૈનિકો શહીદ થયા હતા અને ૩૫૦૦થી વધુ ઘાયલ થયા હતા. આટલું મોટું ઓપરેશન થવા છતાં સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરાઈ ના હતી. ના તો વધુ વિગત બહાર આવી હતી. આ ઓપરેશન પવનને વર્ષોથી તે માન્યતા મળી ન હતી જે તેને મળવાની હતી.

પહેલી વાર, આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને ડેપ્યુટી આર્મી ચીફ લેફટનન્ટ જનરલ પુષ્પેન્દ્ર સિંહ વ્યક્તિગત રીતે પુષ્પાંજલિ અર્પણ કરશે. ઓપરેશન પવનના ઘણા નિવૃત્ત સૈનિકો અને શહીદોના પરિવારો પણ હાજર રહેશે. IPKF ના નિવૃત્ત સૈનિકો લાંબા સમયથી ૧૯૭૧ ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ અને ૧૯૯૯ ના કારગિલ સંઘર્ષની યાદમાં ઓપરેશન પવનને યાદ કરવા માટે એક દિવસની સત્તાવાર નિમણૂક કરવાની માંગ કરી રહ્યા હતા. તેમની માગ પૂર્ણ થતા નિવૃત્ત સૈનિકોએ કહ્યું કે, ૩૮ વર્ષ પછી, તેમને થોડી માન્યતા મળી રહી છે. હવે, થોડી સાંત્વના મળશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ...**

આઝાદી પછી આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. મુસ્લિમ સમુદાયની બહેનોને છૂટાછેડાના કલંકમાંથી મુક્ત કરીને, શ્રી મોદીએ સંદેશ આપ્યો હતો કે જ્યારે તેઓ 'સબકા સાથ, સબકા વિકાસ'ની વાત કરે છે, ત્યારે તેનો અર્થ ભારતના દરેક સમુદાયના વિકાસ અને પ્રગતિની વાત કરવાનો છે. આજે હું તમને સૌને ખાતરીપૂર્વક કહું છું કે, ચાલો આપણે બધા સાથે મળીને દેશ અને આપણા સંઘપ્રદેશના વિકાસમાં યોગદાન આપીએ. ભાજપ હંમેશા તમારા સહયોગ માટે તૈયાર જ છે. આ પ્રસંગે શ્રી આગરિયાએ પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના તમામ પદાધિકારીઓ અને તમામ નવનિયુક્ત જિલ્લા પ્રમુખોને અભિનંદન આપ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી મજીદ લધાણીએ કર્યું હતું.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સંઘપ્રદેશમાં 'સ્વસ્થ લોકો,...**

આ તાલીમ સત્રનો ઉદ્દેશ હતો સમુદાયિક સ્તરે ગુણવતાયુક્ત આરોગ્ય સેવાઓ પુરી પાડવા, ડિજિટલ આરોગ્ય પ્રણાલીઓને મજબૂત બનાવવા અને બિનચેપી રોગો, કેન્સર, માનસિક સ્વાસ્થ્ય જેવા મુખ્ય ક્ષેત્રમાં આરોગ્યકર્મીઓની ક્ષમતાને વધારવાનો છે. આ તાલીમનું સંચાલન ડૉ. શ્રેયા દેસાઈ, સેવા રૂરલ અને એમની ટીમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

પ્રારંભમાં આજના તાલીમ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન આરોગ્ય સચિવ શ્રી એ. ગોપી કિશન દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી, નમો મેડિકલ કોલેજના ડીન અને મેડિકલ સુપ્રિટેન્ડન્ટશ્રી ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય સચિવશ્રીએ ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના કુશળ નેતૃત્વમાં આરોગ્ય વિભાગ પ્રદેશના દરેક નાગરિકને ગુણવતાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે નિરંતર કાર્ય કરી રહ્યો છે. એમણે એ પણ ઉલ્લેખ કર્યો હતો કે, માતૃત્વ અને શિશુ સ્વાસ્થ્ય, રસીકરણ અને સંક્રામક રોગ નિયંત્રણના ક્ષેત્રમાં વિભાગ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યો છે. હવે આવશ્યકતા છે કે બિનચેપી રોગના ઘટકને મજબૂત બનાવવો જોઈએ, આ તાલીમ કાર્યક્રમ દર્દીઓની સમયસર તપાસ અને ઓળખને મજબૂત બનાવવા તરફ મહત્ત્વપૂર્ણ પગલું છે. આ અભિયાન બિનચેપી રોગો, કેન્સર, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, ઉપશામક સંભાળ અને હાઈ બ્લડ પ્રેશરના નિવારણ અને સમયસર સારવાર સુનિશ્ચિત કરવા માટે શરૂ કરવામાં આવી રહ્યું છે. તેમણે તમામ આરોગ્ય કર્મચારીઓને આ અભિયાનને સફળ બનાવવામાં સક્રિય અને જવાબદાર ભૂમિકા ભજવવા હાકલ કરી હતી. તાલીમ દરમ્યાન પીએચએમપી એપ્લિકેશન દ્વારા સ્ક્રીનિંગ પ્રક્રિયાઓ, સામાન્ય કેન્સર સ્ક્રીનિંગ, ફોલોઅપ પ્રક્રિયાઓ, માનસિક સ્વાસ્થ્ય સેવાઓ, ઉપશામક સંભાળ, આંખ અને ઈએનટી સેવાઓ અને વ્યવહારુ પ્રવૃત્તિઓ, ભૂમિકા ભજવવા અને સોશિયલ મીડિયા ઝુંબેશ પર તાલીમ સત્રો સહિત અનેક મહત્ત્વપૂર્ણ વિષયો પર વિગતવાર માહિતી અને વ્યવહારુ કસરતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### 'તમારી મૂડી, તમારા અધિકારો' અભિયાન હેઠળ

# નિષ્ક્રિય ખાતાઓમાંથી ભંડોળ પરત કરવા માટે દાનહની બેંકો દ્વારા મેગા કેમ્પ યોજવાનું આયોજન

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સેલવાસ, તા.૨૫:** દાદરા નગર હવેલીની અગ્રણી બેંક, બેંક ઓફ બરોડા અને જિલ્લાની અન્ય બેંકોએ 'તમારી મૂડી, તમારા અધિકારો' અભિયાન હેઠળ નિષ્ક્રિય ખાતાઓમાંથી ભંડોળ પરત કરવા માટે એક મેગા કેમ્પનું આયોજન કર્યું છે. આ મેગા કેમ્પ ૨૮ નવેમ્બરના રોજ સાંજે ૪:૦૦ વાગ્યાથી ખાનવેલ જ્ઞાનમાતા સ્કૂલ ખાતે યોજાશે. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય એવા ખાતાધારકો અથવા તેમના કાનૂની વારસદારોને ભંડોળ પરત કરવાનો છે જેમના બેંક ખાતા ૧૦ વર્ષથી વધુ સમયથી નિષ્ક્રિય છે અને જેમના ભંડોળ ભારતીય રિઝર્વ બેંકના ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ (DEAF)માં જમા કરવામાં આવ્યા છે.

ભારત સરકારના નાણાકીય સેવાઓ વિભાગ અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા(આર.બી.આઈ.) ૧ ઓક્ટોબરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવી રહ્યા છે. આ અભિયાન હેઠળ, આવા ખાતાધારકોને મદદ કરવા માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવશે. એક અગ્રણી બેંક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ બેંકો આ મેગા કેમ્પનો પ્રચાર સુનિશ્ચિત કરશે જેથી ખાતરી કરી શકાય કે માહિતી શક્ય તેટલા લાભાર્થીઓ સુધી પહોંચે અને નિષ્ક્રિય ખાતાઓમાંથી ભંડોળ તેમના હકદાર માલિકોને પરત કરી શકાય.

# ક્રોમા ઉપર બ્લેક ફ્રાઈડે સેલ: દરેક કેટેગરીમાં ૫૦ ટકા છૂટ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૫:** ભારતના અગ્રણી ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેઈલર ક્રોમાએ તેના વાર્ષિક બ્લેક ફ્રાઈડે સેલની જાહેરાત કરી છે, જેમાં વિવિધ કેટેગરીમાં ૫૦ ટકા સુધીની છૂટ આપવામાં આવશે. ક્રોમાનો બ્લેક ફ્રાઈડેસેલ ૨૨ નવેમ્બર થી શરૂ થઈને ૩૦ નવેમ્બર સુધી ચાલશે. ગ્રાહકો સમગ્ર ભારતમાં ક્રોમાસ્ટોર અને ઓનલાઈન અથવા ટાટા ન્યૂ એપ ઉપર બ્લેક ફ્રાઈડે સેલનો લાભ લઈ શકે છે. સ્માર્ટફોન અને લેપટોપથી લઈને ટીવી, વોશિંગ મશીન, ઓડિયો ગિયર અને હોમ એપ્લાયન્સિસ વગેરે માટે ક્રોમાએ એક્સક્લુઝિવ ડીલ તૈયાર




કરી છે, જેથી નવા વર્ષ પહેલાં સ્માર્ટ ખરીદી સાથે મોટી બચત કરી શકાય. ઈન્ફિનિટી રિટેઈલ લિમિટેડના પ્રવક્તાએ કહ્યું હતું કે, ''બ્લેક ફ્રાઈડે ભારતમાં ખૂબજ આતુરતાથી રાહ જોવાતું સપ્તાહ છે અને આ વર્ષે અમે ભાવમાં અર્થસભર ઘટાડા અને સરળ પેમેન્ટ વિકલ્પો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેથી ગ્રાહકોનો આત્મ વિશ્વાસ વધે. ઓનલાઈન અને ઈન-સ્ટોર ઉપર વિશાળ શ્રેણી તેમજ સંખ્યા બંધ એક્સચેન્જ ઓફર્સ, બેંક ઓફર્સ અને ઇએમઆઇ લાભો સાથે અમે ખરીદદારોને યોગ્ય કિંમતે યોગ્ય પ્રોડક્ટ્સ મેળવવામાં મદદ રૂપ બનવા સજ્જ છીએ.'' ઓફર ભાગ લેનાર બેંકો દ્વારા આપવામાં આવતી લાગુ કેશબેક ઓફર્સ અથવા ડિસ્કાઉન્ટ, લાયક જૂની પ્રોડક્ટ્સ માટે એક્સચેન્જ મૂલ્યને આધીન છે. આ ઓફર ફક્ત પસંદગીના બ્રાન્ડ્સ, પ્રોડક્ટ કેટેગરી ઉપર જ માન્ય છે અને સ્ટોર અને શહેર પ્રમાણે બદલાઈ શકે છે. નિયમો અને શરતો લાગુ.

# સેલવાસના રસ્તાઓ ઉપર ઉડતી ધૂળ અને માટીના રજકણોથી લોકોના આરોગ્યને ખતરો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સેલવાસ, તા.૨૫:** દાદરા નગર હવેલીના મુખ્ય મથક અને 'સ્માર્ટ સીટી' સેલવાસના રસ્તાઓના અધૂરા કામને અને ખાબડખૂબડના કારણે ઊડતી ધૂળની ડમરીઓ અને માટીના રજકણો વાહનચાલકો સહિત રાહદારીઓ અને આજુબાજુમાં આવેલી દુકાનોના દુકાનદારો-વેપારીઓને ભારે પરેશાન કરી રહી છે. ઉડતી ધૂળ લોકોના આરોગ્ય માટે નુકસાનકારક બની રહી છે. આ ધૂળના કારણે ફેફસાં, આંખો અને ચામડીને અસર થઈ રહી છે. સમસ્યાને દૂર કરવા પ્રશાસન દ્વારા સત્વરે યોગ્ય પગલાં ભરવા આવશ્યક છે. સેલવાસમાં ઘણાં સમયથી રસ્તાઓના નવનિર્માણ કામ કાચબા ગતિએ ચાલી રહ્યું છે જેના કારણે લોકોને ભારે પરેશાનીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી પ્રશાસન દ્વારા ગુણવત્તા જાળવવા સાથે કામમાં ઝડપ લાવવામાં આવે ખુબ જરૂરી છે.

# દમણના આંટિયાવાડ-દાભેલ ખાતેના ચંચળ તળાવમાંથી અજાણ્યા પુરૂષની લાશ મળી આવી

## લાશને મોટી દમણ સરકારી હોસ્પિટલના કોલ્ડરૂમમાં રાખવામાં આવેલ છે: મૃતકના સગાં-સંબંધીઓએ દમણ પોલીસનો સંપર્ક કરવા સૂચન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૫**

ગત તા.૨૩મી નવેમ્બર-૨૦૨૫ના રોજ, સાંજે ૬:૩૦ વાગ્યે, ૧૧૨ પર ફોન આવ્યો કે દમણના આંટિયાવાડ, દાભેલના ચંચલ તળાવના પાણીમાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ તરતો હતો. માહિતી મળતાં, ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને મૃતદેહને બહાર કાઢ્યો. ત્યારબાદ સરકારી હોસ્પિટલની મોર્ચ્યુરી વાનને બોલાવવામાં આવી અને મૃતદેહને મોટી દમણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. મૃતકની ઉંમર આશરે ૩૫ થી ૪૦ વર્ષ હોવાનું જણાય છે.

પોલીસ દ્વારા ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોમાં કરાયેલી પૂછપરછમાં મૃતકના નામ, ઓળખ અથવા રહેઠાણના સ્થળ અંગે કોઈ માહિતી મળી નથી.



અજાણ્યા મૃતકની ઊંચાઈ આશરે ૫ ફૂટ ૬ ઈંચ જેટલી છે., રંગ કાળો અને શરીરે કાળો શર્ટ અને વાદળી ટ્રેક પેન્ટ પહેરેલ છે.

અજાણ્યા વ્યક્તિની આંટિયાવાડ-દાભેલના ચંચળ તળાવમાંથી મળી આવેલી અજાણ્યા પુરૂષની લાશ બાબતે દમણના દાભેલ પોલીસ સ્ટેશનમાં એસડી નં. ૧૯/૨૦૨૫ હેઠળ તપાસ ચાલી રહી છે. પોલીસે મૃતકની ઓળખ સુનિશ્ચિત કરવા અને તેના પરિવારને શોધવા માટે મૃતદેહને સરકારી હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યો છે.

જો કોઈને આ અજાણ્યા મૃતક વિશે કોઈ માહિતી હોય, તો કૃપા કરીને તાત્કાલિક નીચેના સંપર્ક નંબરોનો સંપર્ક કરવા જણાવાયું છે.

મોબાઈલ નંબર: ૮૫૧૧૧૮૯૯૯૨

દમણ કંટ્રોલ રૂમ: ૭૮૬૩૮૮૫૭૨૬

# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે દીવ પોલીસ દ્વારા ચિત્રકામ અને નિબંધ સ્પર્ધા યોજાઈ








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૫**

અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે દીવ પોલીસ અધિક્ષકના માર્ગદર્શનમાં દીવ પોલીસ વિભાગે દીવ જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ સાથે ફુદમ પોલીસ મુખ્યાલયના કોન્ફરન્સ હોલમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકીકરણમાં તેમના ઐતિહાસિક યોગદાનને સન્માનિત કરવામાં આવ્યું હતું. સંસ્કૃતિ મંત્રાલયે ઉજવણીના ભાગ રૂપે વ્યાખ્યાનો, પ્રદર્શનો, યુવા કાર્યક્રમો, ડિજિટલ પ્રોજેક્ટ્સ અને વર્ચ્યુઅલ મ્યુઝિયમનું આયોજન કર્યું છે.

દીવ પોલીસ વિભાગ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સરદાર વલ્લભભાઈ પટેલના વિષય ઉપર ચિત્ર સ્પર્ધા, રાષ્ટ્રીય એકતા દિવસ પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. બંને સ્પર્ધાઓમાં વિજેતાઓને યુવા પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને સરદાર સાહેબના વારસા પ્રત્યે જાગૃતિ લાવવા માટે ઈનામોથી જવામાં આવ્યા હતા.

દીવ પોલીસે ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાઓને તેમની ઉત્સાહી ભાગીદારી અને યુવા પેઢીમાં એકતા, અખંડિતતા અને દેશભક્તિના મૂલ્યો કેળવવામાં મદદ કરવા બદલ પ્રશંસા કરી હતી.

# દીવ પોલીસે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે વોલીબોલ ટૂર્નામેન્ટ યોજાઈ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૫**

અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે દીવ પોલીસ અધિક્ષકના માર્ગદર્શનમાં દીવ પોલીસ વિભાગે બુચરવાડામાં આઈઆરબીએન કેમ્પ ખાતે દીવ જિલ્લાના સ્થાનિક યુવાનો સાથે વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. આ ટુર્નામેન્ટમાં કુલ ૭ ટીમોએ ભાગ લીધો હતો જેમાં વણાંકબારા વિસ્તારની બે ટીમો, દીવની બે ટીમો, ઈન્ડિયા રિઝર્વ બટાલિયનની એક ટીમ અને સીઆઈએસએફની એક ટીમે ભાગ લીધો હતો. જેમાં વણાંકબારાની સ્થાનિક ટીમ વિજેતા રનર્સઅપ બંને સ્થાન મેળવ્યું હતું.

યુવા પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને સરદાર પટેલના વારસા પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિજેતા અને રનર્સઅપ ટીમોને ઈનામોથી નવાજવામાં આવ્યા. દીવ પોલીસે ઉત્સાહથી ભાગ લેનાર સૌ ટીમોને યુવા પેઢીમાં એકતા, અખંડિતતા અને દેશભક્તિના મૂલ્યો કેળવવામાં મદદ કરવા બદલ પ્રશંસા કરે હતી.

# દીવની શહીદ ભગતસિંહ ગ્રામ પંચાયત ખાતે નિઃશુલ્ક આરોગ્ય તપાસ અને યોગા અંગે માહિતી અપાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૫**

સંઘપ્રદેશ દીવની શહીદ ભગતસિંહ ગ્રામ પંચાયતના સહયોગથી રાષ્ટ્રીય આયુષ મિશન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નિઃશુલ્ક આરોગ્ય તપાસ તથા યોગા અંગે જાણકારી આપવામાં આવી હતી.

દીવની શહીદ ભગત સિંહ ગ્રામ પંચાયતના સહયોગ થી રાષ્ટ્રીય આયુષ મિશન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા યોગા ઈન પ્રેગ્નેસી, નવજાત બાળકની સંભાળ, દિનચર્યા જેવી આરોગ્યલક્ષી માહિતી આપવામાં આવી હતી. દીવ સાઉદવાડી ગ્રામ પંચાયત હોલ ખાતે ડો.ભાવિક પંડ્યા, ડો.નાનજી સોલંકી અને યોગા ઈન્સ્ટ્રક્ટર ભરત ડાભીએ તેમની સેવા આપી હતી અને ગ્રામજનોને બી.પી, ડાયાબીટીસ, વજન, વગેરેની નિઃશુલ્ક તપાસ કરી આપવામાં આવી હતી.

આ પ્રસંગે યોગ માટે પણ સ્પેશ્યલ જાણકારી તથા અમુક આસનો કરાવવામાં આવ્યા હતા તથા મેડિકલ તથા સ્વાસ્થ્યને લઈ અનેક માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શહિદ ભગતસિંહ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી મેઘજી લાખા, સાઉદવાડી ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી કાન્તાબેન મેઘજી તથા પંચાયતોના સભ્યો અને મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# દીવ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં એન.એસ.એસ. યુનિટ દ્વારા સરદાર@૧૫૦ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૫**

અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના ભાગરૂપે યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, ભારત સરકાર, દીવ પ્રશાસન અને માય ભારત દીવના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો શુભારંભ દીવ જિલ્લાના ડેપ્યુટી કલેક્ટર શ્રી શિવમ મિશ્રાએ લીલીઝંડી બતાવીને કરાયું હતું.

આ પ્રસંગે દીવ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી અરવિંદ સોલંકીના માર્ગદર્શન હેઠળ તથા શાળાના પ્રભારી પ્રાચાર્ય શ્રી વિજય બામણિયા અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર તસ્લીમા શેખના નેતૃત્વ હેઠળ આ મહા રેલીમાં દીવની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના ૨ એન.એસ.એસ. સ્વયંસેવકો શામિલ વૈદ અને બંસી બામણીયાએ સરદાર પટેલ અને ભારત માતાનું પાત્ર નિભાવ્યું હતું. તેમજ એન.એસ.એસ.ના બીજા સ્વયંસેવકોએ બેન્ડ સાથે રેલીમાં જોડાઈ આ કાર્યક્રમને દીપાવી દીધું હતું. તેમજ શાળાના એન.સી. સી. ઓફિસર ધનંજય કોટિયાના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. કેડેટ્સ એ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. શાળાના તમામ શિક્ષક ભાઈ બહેનોની જહેમતથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# નાહુલી પોદાર સ્કૂલ દ્વારા આયોજિત વિજ્ઞાન ટેક્નોલોજી પ્રદર્શનમાં વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટિપર્પઝ સ્કૂલ ઝળકી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

ગત તા.૨૨-૧૧-૨૫ના રોજ પોદાર વર્લ્ડ સ્કૂલ નાહુલી દ્વારા સાયપોટેક-૨૦૨૫ અંતર્ગત આંતર શાળા વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપીની એલ.જી. હરિઆ મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીઓએ STEM કોન્સેપ્ટ ઉપર વિજ્ઞાન અને ટેક્નોલોજીના કાર્યકારી મોડેલ પ્રદર્શિત કર્યા હતા. આ પ્રતિયોગિતાનું આયોજન ત્રણ લેવલમાં કરવામાં આવ્યું હતું અને વાપીની શ્રી એલ.જી. હરિઆ મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્તીઓએ ત્રણેય લેવલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. જેમાં જુનિયર લેવલમાં ધોરણ પાંચની વિદ્યાર્થીની પ્રતિષ્ઠા પાન્ડે અને અદિતી મિશ્રાએ ન્યુટનના સિધ્ધાંત ઉપર પ્રોજેક્ટ પ્રદર્શિત કર્યો હતો. મિડલ લેવલમાં ધોરણ સાતની વિદ્યાર્થીની આરાધ્યા તિવારી અને વિદ્યાર્થી કુશ પટેલે ઈકો સ્માર્ટ એગ્રિકલ્ચર પ્રોજેક્ટ અને સિનિયર લેવલમાં ધોરણ અગિયારના વિદ્યાર્થી હરજશ મારવાહ અને આદર્શ સાહુએ ઓરબીટલ સન ગ્રીડ પ્રોજેક્ટ પ્રદર્શિત કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. શાળાના મેનેજમેન્ટ અને આચાર્યા શ્રીમતી બીની પૌલે શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓ અને તેમની માર્ગદર્શક શિક્ષકોની ટીમને મેળવેલ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રીમદ્ રાજચંદ્ર ટ્રસ્ટ તથા પીએસસીના સંયુક્ત ઉપક્રમે આંતલિયા વાણીયામિલ હાઈસ્કૂલ ખાતે આઈ અને હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૫**

શ્રીમદ્ રાજચંદ્ર ટ્રસ્ટ તથા પીએસસી આરોગ્ય પરિવારના સંયુક્ત આયોજન હેઠળ આંતલિયા વાણીયા મિલ હાઈસ્કૂલ ખાતે હિમોગ્લોબિન (લોહી) તપાસ કેમ્પ, આઈ-ચેકઅપ અને વિદ્યાર્થી હેલ્થ ચેકઅપ કાર્યક્રમ યોજાયો હતો. તા.૧૨-૧૧-૨૦૨૫ના રોજ યોજાયેલ આ આરોગ્ય કેમ્પમાં કુલ ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તપાસ દરમિયાન લગભગ ૧૨ વિદ્યાર્થીઓમાં હળવા હિમોગ્લોબિનની ઊણપ સહિતના લક્ષણો જણાતા શ્રીમદ્ રાજચંદ્ર પરિવાર તરફથી તેમને વિનામૂલ્યે જરૂરી ટેબલેટ્સ આપવામાં આવી, જેથી વિદ્યાર્થીઓનું આરોગ્ય સ્ફૂર્તિવંત રહે તેમજ હાઈસ્કૂલના ૩૫૦ વિદ્યાર્થીની આંખની તપાસ કરવામાં આવી અને જરૂર જણાય તેવા કેટલાક વિદ્યાર્થીઓની વિનામૂલ્યે સારવાર કરી આપવા માટે આ સંસ્થા દ્વારા ખાતરી આપવામાં આવી હતી.

આ સેવા કાર્યમાં શ્રીમદ્ રાજચંદ્ર ટ્રસ્ટના ડૉ. રોનક તથા તેમની પ્રતિબદ્ધ આરોગ્ય ટીમ, તેમજ પીએસસી આરોગ્ય પરિવારની સમગ્ર ટીમે સેવા ભાવથી કાર્ય કર્યું.

આ આરોગ્યમય સેવા માટે આચાર્યશ્રી વિજયસિંહ ચૌહાણ, સહશિક્ષકો તથા સમગ્ર શાળા પરિવાર તરફથી ડૉક્ટરશ્રી તથા તમામ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આ પ્રકારના હેલ્થ ચેકઅપ આયોજનથી તેમને આરોગ્ય વિશે જાગૃતિ તેમજ સમયસર સારવારનો લાભ મળે છે, જે પ્રશંસનીય છે.

# દીવ પોલીસે ઘોઘલા ખાડી વિસ્તારમાંથી દારૂ સાથે ૩ ઈસમોની કરેલી ધરપકડ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૫:** કેન્દ્રશાસિત પ્રદેશ દીવ પોલીસ દ્વારા જાહેર સલામતી સુનિશ્ચિત કરવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરક્ષાના પગલાં વધુ સઘન બનાવ્યા છે. આ પગલાંના ભાગ રૂપે, વધારાની પેટ્રોલિંગ, ભીડભાડવાળા વિસ્તારોમાં દેખરેખ વધારવા અને ચેક-પોસ્ટ પર કડક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ૨૫ નવેમ્બરના રોજ, દીવની સ્પેશિયલ સ્ટાફ ટીમ દ્વારા દીવ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ઘોઘલા ખાડી નજીક એક શંકાસ્પદ ઈસમ જોવા મળતા તેની પાસે તપાસ કરતા કાળા પોલિઇથિલિનમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો, જે ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે હેરાફેરી કરી રહેલ હોય તેવી શંકા છે, ગેરકાયદેસર આઈએમએફલનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને વધુ તપાસ માટે દીવના એક્સાઈઝ વિભાગને સોંપવામાં આવ્યો હતો દારૂની સાથે રફાઈ મોહિનાલી સબ્બીરાલી, (ઉ.વ. ૨૫), રહે. પુલ પાસે, ઉના, ગીર સોમનાથ, ગુજરાત, ગઢિયા વિશાલભાઈ ભગવનભાઈ (ઉ.વ.૨૫), પુલ પાસે, ઉના, ગીર સોમનાથ, ગુજરાત, તથા મોડાસીયા અક્ષય ભરતભાઈ (ઉ.વ.૧૮) રહે. લામધાર, મોટાડેસર, ઉના, ગીર સોમનાથની ધરપકડ કરવામાં આવી છે અને તેની પાસેથી જપ્ત કરાયેલ ભારતીય બનાવટનો વિવિધ બ્રાન્ડનો વિદેશી ૧૩૩ નંગ કિં. રૂા.૮૩૦૦, બિયર ૧૨ નંગ કિં. રૂા.૮૪૦ મળી કુલ્લે રૂા.૯,૧૭૦નો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ જપ્ત કરાયેલ દારૂ એક્સાઈઝ વિભાગને સોંપવામાં આવ્યો હતો અને અટકાયત કરાયેલ વ્યક્તિઓ સામે જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## લગ્નની સિઝન વચ્ચે ૧૫ દિવસમાં સિંગતેલના ભાવમાં રૂ. ૨૧૦નો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા) **રાજકોટ,તા.૨૫**

મગફળીની આવક વચ્ચે તેલના ભાવમાં ફરીથી વધારો નોંધાયો છે. ખાસ કરીને લગ્ન-સિઝનની શરૂઆતમાં સિંગતેલના ભાવમાં તીવ્ર વધારો થયો છે. છેલ્લા ૧૫ દિવસમાં ૧૫ કિલોના સિંગતેલના ડબ્બાના ભાવમાં રૂ. ૨૧૦ નો ઉછાળો થયો છે. અગાઉ જે ભાવ રૂ. ૨૪૧૫ હતો, તે હવે રૂ. ૨૬૨૫ સુધી પહોંચી ગયો છે. એજ પ્રકારે, યાર્ડમાં મગફળીના ભાવમાં પણ પ્રતિ મણ રૂ. ૨૦૦ નો વધારો નોંધાયો છે. ઓર્ગેનિક અને ઘાણી સિંગતેલનો ભાવ આજે રૂ. ૩૦૦૦ સુધી પહોંચી ગયો છે, જે બજારમાં દારૂણ અસર ફેલાવી રહ્યો છે.સૌરાષ્ટ્રમાં મગફળીની આવક વચ્ચે તેલના ભાવ વધ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં સિંગતેલના ભાવમાં રૂ. ૨૧૦નો વધારો થયો છે તો ૧૫ કિલો સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૨૬૨૫ થયો છે.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# સાઉથ આફ્રિકામાં પ્રથમ વખત યોજાયેલા G-20 સંમેલનનો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની પ્રકૃતિ મુજબ બહિષ્કાર કરીને તેને ખોરવવાનો કરેલો પ્રયાસ




**વિ**શ્વના કુલ વિકાસ દરનો મોટો હિસ્સો ધરાવતા G-20 દેશોના સમૂહના શિખર સંમેલનમાં અમેરિકાના બહિષ્કાર વચ્ચે શનિવારે જહોનિસબર્ગમાં પસાર કરાયેલા ઘોષણાપત્રમાં આવરી લેવાયેલા મુદ્દામાં એક બાબત નવી અને નોંધપાત્ર બની રહી હતી. આ સમૂહના અધ્યક્ષ અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સીરીલ રામાપુસાએ આ જાહેરનામામાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લાદેલા ટેરિફનાં દબાણનો આડકતરો ઉલ્લેખ કરીને રાજકીય, સામાજિક અને આર્થિક પડકારોને પહોંચી વળવા બહુપક્ષીય સહમતિને વધારીને સામૂહિક રીતે તેનો સામનો કરવાની જરૂરત પર આ સંયુક્ત ઘોષણાપત્રમાં ખાસ ભાર મુકાવ્યો હતો. G-20ના ઈતિહાસમાં આફ્રિકમાં સૌપ્રથમ વખત યોજાયેલાં આ શિખર સંમેલનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ૧૨૨ ફકરાના આ ઘોષણાપત્રને સ્વીકૃતિ અપાઈ હતી.



ઘોષણાપત્રના મુસદ્દાની તૈયારીમાં દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ લાગણીનું પ્રતિબિંબ પાડતા કરીને તમામ પડકારોનો સામનો ભાર મુક્યો હતો. આ સલામતી પરિષદના કદને વધારવા, મહિલાઓના સશક્તિકરણના મુદ્દા ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર અત્રે ઉલ્લેખનીય છે કે, આ પણ અમેરિકા અળગું રહ્યું હતું. આપણે છીએ એટલે હું છું...ની આફ્રિકન શબ્દ ઉબનટુનો ઉપયોગ આ વલણથી કરવાની જરૂરત પર ઘોષણાપત્રમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘની ત્રાસવાદને વખોડવાના અને સમાવી લેવાયા છે. અત્રે મોદીએ તેમના સંબોધનમાં ત્રાસવાદને અને કેફી દ્રવ્યોની હેરાફેરીને પોષતા દેશોનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કેફી દ્રવ્યોના સોદાગરો અને આતંકી જૂથો વચ્ચે સાઠગાંઠ વધવાના જોખમની સામે G-20 સમૂહે એક મોરચો ખોલીને પોતાની સાર્થકતા બતાવવી જોઈએ એવો અનુરોધ અધિવેશનમાં કર્યો હતો. ભારતીય વડાપ્રધાનના ઉદ્ઘાટન સત્રના સંબોધનમાં વ્યક્ત કરાયેલી લાગણીના પ્રતિસાદમાં G-20ના ઘોષણાપત્રે ત્રાસવાદના કોઈ પણ સ્વરૂપ અને કારણને વખોડતાં વિધાનનો સમાવેશ કર્યો હતો. આની સાથોસાથ ભારતે જ્યારે G-20 સમૂહનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું, ત્યારે જે ઘોષણાપત્ર બહાર પડાયું હતું, તેમાં મહિલાઓ અને યુવતીઓના સશક્તિકરણ માટે કટિબદ્ધતા વ્યક્ત કરાઈ હતી. આ લાગણીને આ વખતના ઘોષણાપત્રમાં ફરી એક વખત સમાવી લેવાઈ છે. આમાં મહિલાઓની શાંતિના વાહક તરીકેની ભૂમિકાને માન્ય ઠેરવાઈ હતી. આ વખતે પ્રથમ વખત આફ્રિકામાં યોજાયેલાં આ શિખર સંમેલનની વણકહી પણ અનુભવાયેલી નોંધપાત્ર હકીકત એ રહી કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની પ્રકૃતિ મુજબ આ સંમેલનનો બહિષ્કાર કરીને તેને ખોરવવાનો પ્રયાસ કર્યો હતો, પણ G-20ના સભ્ય દેશોએ સામૂહિક રીતે આ બહિષ્કારની પરવા કર્યા વગર જે રીતે સંમેલનને અર્થસભર બનાવીને એકતાનો અનુભવ દુનિયાના અન્ય દેશોને કરાવ્યો હતો. સાથોસાથ આ શિખર સંમેલનમાં વડાપ્રધાન મોદીના વૈશ્વિક નેતૃત્વને અન્ય દેશોના વડાઓએ વધાવી લીધું હતું.

# મન સહિત ઈન્દ્રિયોને પોતાની માનવાથી જીવ અનેક યોનિઓમાં જાય છે

**શ્રી**મદ્ ભગવદ્ ગીતાના પંદરમા અધ્યાયને પુરૂષોત્તમ યોગ નામથી કહેવામાં આવે છે, જેમાં સંસાર રૂપી વૃક્ષનું વર્ણન છે. આ અધ્યાયનો પાઠ જ્ઞાન વૈરાગ્ય અને ભગવદ્ચિંતન વધારે છે. આજે પંદરમા અધ્યાયના શ્લોક ૮નું ચિંતન કરીશું.. મન સહિત ઈન્દ્રિયોને પોતાની માનવાના કારણે જીવ કેવી રીતે તેમને સાથે લઈને અનેક યોનિઓમાં ઘુમે છે આનું દ્રષ્ટાંત સહિત વર્ણન કરતાં ભગવાન ગીતા(૧૫/૮)માં કહે છે કે..,

શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્કામીશ્વરઃ
ગૃહિત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત..

વાયુ ગંધના સ્થાનેથી ગંધને જે રીતે ગ્રહણ કરીને લઈ જાય છે એવી જ રીતે દેહ વગેરેનો સ્વામી બનેલો જીવાત્મા પણ જે શરીરને છોડે છે ત્યાંથી આ મન સહિત ઈન્દ્રિયોને લઈને પછી જે શરીરને પામે છે એમાં ચાલ્યો જાય છે. જે રીતે વાયુ અત્તરના પુમડામાંથી ગંધ લઈ જાય છે પરંતુ તે ગંધ સ્થાઈરૂપે વાયુમાં રહેતી નથી, કારણ કે વાયુ અને ગંધનો સંબંધ નિત્ય નથી. એવી જ રીતે ઈન્દ્રિયો મન બુદ્ધિ સ્વભાવ વગેરે સુક્ષ્મ અને કારણ બંન્ને શરીરોને પોતાનામાં માનવાના કારણે જીવાત્મા તેમને સાથે લઈને બીજી યોનિમાં જાય છે. જેવી રીતે વાયુ તત્ત્વતઃ ગંધથી નિર્લિપ્ત છે એવી રીતે જીવાત્મા પણ તત્ત્વતઃ મન ઈન્દ્રિયો શરીર વગેરેથી નિર્લિપ્ત છે, પરંતુ આ મન શરીર ઈન્દ્રિયો વગેરેમાં હું અને મારાપણાની માન્યતા હોવાના કારણે તે જીવાત્મા એમનું આકર્ષણ કરે છે.

જેવી રીતે વાયુ આકાશનું કાર્ય હોવા છતાં પણ પૃથ્વીના અંશ ગંધને સાથે લઈને ઘુમે છે તેવી જ રીતે જીવાત્મા પરમાત્માનો સનાતન અંશ હોવા છતાં પ્રતિક્ષણે બદલાવાવાળાં પ્રકૃતિના કાર્ય શરીરોને સાથે લઈને અલગ અલગ યોનિઓમાં ઘુમે છે. જડ હોવાના કારણે વાયુમાં એ વિવેક નથી કે તે ગંધને ગ્રહણ ન કરે પરંતુ જીવાત્માને તો એ વિવેક અને સામર્થ્ય મળેલું છે કે તે જ્યારે ઈચ્છે ત્યારે શરીર સાથેનો સંબંધ દૂર કરી શકે છે. ભગવાને મનુષ્યને એ સ્વતંત્રતા આપી રાખેલ છે કે તે ઈચ્છે તેની સાથે સંબંધ જોડી શકે છે અને ઈચ્છે તેની સાથે સંબંધ તોડી શકે છે. પોતાની ભૂલ દૂર કરવા માટે ફક્ત પોતાની માન્યતા બદલવાની આવશ્યકતા છે કે પ્રકૃતિના અંશ સ્થૂળ સુક્ષ્મ અને કારણ શરીરો સાથે જીવાત્માનો કોઈ સંબંધ નથી, પછી જન્મ-મરણના બંધનથી સહજ જ મુક્ત છે.


જેને માલિકપણું કે અધિકાર પ્રિય લાગે છે તે પરમાત્માને પ્રાપ્ત કરી શકતો નથી. કેમ કે જે કોઈ વ્યક્તિ વસ્તુ પદ વગેરેનો સ્વામી બને છે તે પોતાના સ્વામીને ભૂલી જાય છે, આ નિયમ છે. ઉદાહરણ રૂપે જોઈએ તો જે સમયે બાળક ફક્ત માતાને પોતાની માનીને તેને જ ચાહે છે તે સમયે તે માતા વિના રહી શકતો નથી પરંતુ તે જ બાળક મોટો થઈને ગૃહસ્થ બની જાય છે અને પોતાને સ્ત્રીપુત્ર વગેરેનો સ્વામી માનવા લાગે છે, ત્યારે તે જ માતાની પાસે રહેવું તેને ગમતું નથી. આ સ્વામી બનવાનું જ પરિણામ છે! એવી જ રીતે આ જીવાત્મા પણ શરીર વગેરે જડ પદાર્થોનો સ્વામી બનીને પોતાના વાસ્તવિક સ્વામી પરમેશ્વરને ભૂલી જાય છે, એમનાથી વિમુખ બની જાય છે ત્યાં સુધી જીવ દુઃખ પામતો રહે છે.



## ગીતામૃતમ્

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

જીવને બે શક્તિઓ મળેલી છેઃ પ્રાણશક્તિ.. જેનાથી શ્વાસોનું આવાગમન થાય છે અને ઈચ્છાશક્તિ જેનાથી ભોગોને મેળવવાની ઈચ્છા કરે છે. પ્રાણશક્તિ હરદમ શ્વાસોચ્છવાસ દ્વારા ક્ષીણ થતી રહે છે. પ્રાણશક્તિનું




ખતમ થવું એ જ મૃત્યુ કહેવાય છે. જડનો સંગ કરવાથી કંઈ કરવા અને પામવાની ઈચ્છા ચાલુ રહે છે. પ્રાણશક્તિ રહેતાં ઈચ્છાશક્તિ એટલે કે કંઈક કરવાની અને પામવાની ઈચ્છા દૂર થઈ જાય તો મનુષ્ય જીવનમુક્ત બની જાય છે. પ્રાણશક્તિ નષ્ટ થઈ જાય અને ઈચ્છાઓ ચાલુ રહે તો બીજો જન્મ લેવો જ પડે છે. નવું શરીર મળતાં પ્રાણશક્તિ નવી મળે છે પરંતુ ઈચ્છાશક્તિ પૂર્વજન્મની હતી તે જ રહે છે.

જો શરીર છૂટે તે પહેલાં જ આપણે શરીર વગેરેમાંથી મમતાને હટાવી દઈએ તો જીવતે જીવ જ મુક્ત થઈ જઈએ, જે પોતાનું નથી તેને પોતાનું માનવું અને જે પોતાનું છે તેને પોતાનું ન માનવું આ બહુ જ મોટો દોષ છે કે, જેના કારણે પારમાર્થિક માર્ગમાં ઉન્નતિ થતી નથી. કર્ષતિનો અર્થ પોતાના તરફ ખેંચવું અને ગૃહિત્વાનો અર્થ છે પકડવું અને તાદાત્મય કરવું. વાયુનું દ્રષ્ટાંત આપવાનું કારણ એ છે કે જીવ વાયુની જેમ નિર્લિપ્ત રહે છે. વાયુમાં ગંધ હંમેશાં રહેતી નથી આપમેળે ચાલી જાય છે પરંતુ જીવ જ્યાં સુધી મન બુદ્ધિ ઈન્દ્રિયોને છોડતો નથી ત્યાં સુધી તે છૂટતાં નથી.

દરેક ભોગથી સ્વાભાવિક ઉપ રતિ થાય છે આ બધાનો અનુભવ છે. ભોગોમાં પ્રવૃત્તિ તો કૃત્રિમ થાય છે પરંતુ નિવૃત્તિ સ્વાભાવિક થાય છે. રૂચિ તો જીવ ઉત્પન્ન કરે છે પરંતુ અરૂચિ આપમેળે થાય છે. જેમ કે, તમાકુ પિનારા ધુમાડો અંદર ખેંચે છે પરંતુ તે બહાર આપોઆપ નીકળે છે. મોઢું બંધ કરશે તો નાક વાટે નીકળશે. ધુમાડો તો રાખવા છતાં અંદર રહેતો નથી પરંતુ માણસની આદત ખરાબ થઈ જાય છે. વ્યસન લાગુ પડી જાય છે તેવી જ રીતે ભોગો તો ટકતા નથી પણ આદત બગડી જાય છે. ભોગો તો આપો આપ છૂટી જાય છે, તેનાથી અરૂચિ આપોઆપ થઈ જાય છે પરંતુ આદત બગડવાથી જીવ ભોગોને વારંવાર પકડતો રહે છે અને તે સ્વતંત્ર હોવા છતાં પરવશતાનો અનુભવ કરતો રહે છે.

ભોગોમાં આસક્ત થવા છતાં પણ જીવની નિર્લિપ્તતા જતી નથી પરંતુ તેના તરફ તે ધ્યાન અને મહત્ત્વ આપતો નથી. શરીર સાથે સંબંધ ન હોવા છતાં પણ એ શરીર સાથે સંબંધ સ્વીકારીને સુખ લેતો રહે છે. સંબંધ તો અનિત્ય હોય છે પરંતુ સંબંધ વિચ્છેદ નિત્ય થાય છે. કારણ કે શરીર તો સંસારની જાતિનું જડ અને પરિવર્તનશીલ હોવાથી તે વિજાતિય છે. વિજાતિય વસ્તુ સાથે સંબંધ થવો સંભવ નથી. પરમાત્માનો અંશ હોવાથી જીવની પરમાત્મા સાથે સજાતિયતા છે તેથી તેનો સ્વતઃ સંબંધ પરમાત્મા સાથે જ છે. જો જીવ સંત મહાપુરૂષોની, ભગવાનની અને શાસ્ત્રોની વાણી ઉપર વિશ્વાસ કરીને પરમાત્મા સાથે સંબંધ જોડી દે તો પછી તેને અનુભવ થઈ જશે.

જ્યાં સુધી ભગવાન સાથે સંબંધ જોડતો નથી ત્યાં સુધી ભગવાન તેના કોઈપણ સંબંધને ટકવા દેતા નથી, તોડતા જ રહે છે. જીવ ગમે તેટલું જોર કરે તે સંસારનો સંબંધ સ્થાઈ રાખી શકતો નથી.

# જીવ અને ઈશ્વર હૃદયમાં જ છે પણ વાસનાના આવરણના લીધે તેનું મિલન થતું નથી

**એ**ક મનુષ્યને એવું જાણવા મળ્યું કે ગંગા કિનારે રહેતા એક સંત મહાત્મા પાસે પારસમણી છે. પારસમણી એક એવું રત્ન હોય છે કે જેનો સ્પર્શ થતાં લોખંડ સોનું બની જાય છે. આ પારસમણી મેળવવા તે મનુષ્ય સંતની સેવા કરવા લાગ્યો. સંતે કહ્યું કે આજે હું ગંગાસ્નાન કરીને આવું પછી તને પારસમણી આપીશ. સંતના ગયા પછી પેલાનું મન અધીરૂં થયું. સંતની ગેરહાજરીમાં સંતની આખી ઝુંપડી ફેંદી વળ્યો પણ પારસમણી હાથમાં આવ્યો નહિ. સંત સ્નાન કરીને પાછા આવ્યા તો પોતાની ઝુંપડી અસ્તવ્યસ્ત જોઈને સંતે કહ્યું કે હું ગંગાસ્નાન કરીને આવું ત્યાં સુધી તમે ધીરજ ના રાખી શક્યા? પારસમણી તો મેં આ દાબડીમાં મૂકી રાખ્યો હતો, એમ કહીને સંતે એક દાબડી ઉતારી. આ પારસમણી લોખંડની દાબડીમાં હતો, પેલાને શંકા થઈ કે આ પારસમણિ લોખંડની દાબડીમાં હતો તો દાબડી સોનાની કેમ ના થઈ? ખરેખર આ પારસમણી હશે? કે સંત મારી મશ્કરી કરે છે? તેણે પોતાની આ શંકા સંત સમક્ષ રજૂ કરી. સંતે સમજાવ્યું કે મેં આ પારસમણીને એક ચિંથરામાં બાંધીને લોઢાની દાબડીમાં મૂકેલ હતો. કપડાના આવરણને લીધે પારસમણી અને લોખંડનો સ્પર્શ થતો નથી એટલે દાબડી સોનાની કેવી રીતે થાય? બસ આવી જ રીતે જીવ અને ઈશ્વર(આત્મા અને પરમાત્મા) આપણા હૃદયમાં જ છે પણ વાસનાના આવરણને લઈને તેનું મિલન થતું નથી.

જીવાત્મા એ દાબડી છે, પરમાત્મા પારસમણી છે. તે બંન્નેની વચ્ચે અહંતા, મમતા, વાસના(માયા)રૂપી ચીંથરૂં છે તેને જ દૂર કરવાનું છે. અનેકવાર સાધકને સાધન(યોગભક્તિ વગેરે) કરતાં કરતાં કોઈ સિદ્ધિ ન મળે તો તેને સાધન પ્રત્યે ઉપેક્ષા જાગે છે પણ તે સારૂં ન કહેવાય. ચીંથરૂં હોય ત્યાં સુધી સિદ્ધિ કેમ મળે? જીવ એ સાધક છે. સેવા, સ્મરણ, યોગ વગેરે સાધન છે. પરમાત્મા સાધ્ય છે. કોઈને કોઈ સાધન તો કરવું જ પડે છે, સાધનો અનેક છે, જે અનુકૂળ આવે તે સાધન કરવું જોઈએ. લોકો માને છે કે ભક્તિમાર્ગ(સાધન) સહેલો છે, સવારમાં ભગવાનની પૂજા કરી એટલે બધું પતી ગયું, પછી આખા દિવસમાં તે ભગવાનને ભૂલી જાય છે, આ ભક્તિ નથી. ચોવીસ કલાક ઈશ્વરનું સ્મરણ રહે તે ભક્તિ છે.

ભક્તિમાં આનંદ છે, ક્યારેક ભક્તિમાં આનંદ આવતો નથી તો તેનું કારણ એ છે કે ભક્તિ બરાબર થતી નથી. માનવ ભક્તિ કરે છે પણ મોટે ભાગે ધનથી, શરીરથી ભક્તિ કરે છે પરંતુ મનથી ભક્તિ કરતો નથી. વાણી ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે પણ મન જો ભગવાનનું સ્મરણ ન કરે તો તેનો કોઈ અર્થ નથી. સેવામાં ક્રિયા એ મુખ્ય નથી, ભાવ એ મુખ્ય છે. ભાવથી ભક્તિ સફળ થાય છે. સર્વ વિષયોને મનમાંથી હટાવો તો જ સેવામાં આનંદ આવશે.

## બોધકથા

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી


જીવ અને ઈશ્વરની મૈત્રી છે. અવિજ્ઞાત તે ઈશ્વર છે. ઈશ્વરને જીવ પ્રત્યે અપાર કરૂણા છે. જીવને ગુપ્ત રીતે હર પળે મદદ કરે છે તેથી મદદ આપનારો કોણ છે તે દેખાતું નથી. પરમાત્મા પવન,પાણી પ્રકાશ, બુદ્ધિ બધું જીવને આપે છે પછી કહે છે બેટા એક કામ તૂં કર અને એક કામ હું કરૂં. તારી અને મારી મૈત્રી છે. ધરતી ખેડવાનું કામ તારૂં, વરસાદ વરસાવવાનું કામ મારૂં. બીજ તારે રોપવાના અને એમાં અંકુર પ્રગટાવવાનું કામ મારૂં. બીજ ઉત્પન્ન થયા બાદ રક્ષણનું કામ તારૂં, પોષણનું કામ મારૂં. આ બધું કરવા છતાં હું સઘળું કરૂં છું તે જીવને ખબર પડવા દેતા નથી. પ્રભુની આ અવિજ્ઞાત લીલા છે, તે પછી ભગવાન કહે છે ખાવાનું કામ તારૂં અને પચાવવાનું કામ મારૂં, ખાધા પછી સુવાનું કામ તારૂં, જાગવાનું કામ મારૂં, ઈશ્વર સુત્રધાર છે તે સુતો નથી. નિદ્રામાં પણ આપણું રક્ષણ કરે છે. આપણે રેલગાડીમાં સારી જગ્યા મળે તો સુઈ જઈએ છીએ પણ એન્જીનનો ડ્રાઈવર સુઈ જાય તો? આ બધું પરમાત્મા કરે છે છતાં જીવ વિચાર કરતો નથી કે મને કોણ સુખ આપે છે? પ્રભુના જીવ પર કેટલા બધા ઉપકાર છે છતાં જીવ કૃતઘ્ન છે. જે મનુષ્ય આત્મા અને પરમાત્મા વચ્ચે થોડુંક પણ અંતર કરે છે તે ભેદદર્શી માટે પરમાત્મા મૃત્યુરૂપે મહાન ભય ઉભો કરે છે તેથી તમામ પ્રાણીઓની ભીતર ઘર બનાવીને તે પ્રાણીઓના જ રૂપમાં સ્થિત પરમાત્માનું યથાયોગ્ય દાન, આદર, મિત્રતાના વ્યવહાર વડે તથા સમદ્રષ્ટિ દ્વારા પૂજન કરવું જોઈએ. જો આત્મા અને પરમાત્માનું મિલન થાય તો પરમાનંદ છે.

મનની શુદ્ધિ કરવા માટે કર્મની જરૂર છે એટલે કે મનને એકાગ્ર કરવા 'ભક્તિ' (કર્મ)ની જરૂર છે અને સર્વમાં ઈશ્વરનો અનુભવ કરવા 'જ્ઞાન'ની જરૂર છે. જ્ઞાનભક્તિ અને વૈરાગ્ય.. ત્રણે પરિપૂર્ણ થાય ત્યારે જીવ પરમાત્મા દર્શન કરી કૃતાર્થ થાય છે.

જપ કરવાથી અજ્ઞાનનું આવરણ દૂર થાય છે, મન શુદ્ધ થાય છે અને જીવન સુધરે છે. જપથી પૂર્વજન્મના પાપ બળે છે. જપનું ફળ તરત જોવામાં ન આવે તો માનવું કે હજુ પાપ બાકી છે તેનો નાશ થઈ રહ્યો છે. બ્રહ્માકાર મનોવૃત્તિથી માયાનું આવરણ દૂર થાય છે. પ્રભુને મળવું હોય પણ જો વાસનાનું આવરણ હોય તો તે મિલનમાં આનંદ આવતો નથી. આત્મા માયાવી શરીરના આવરણથી ઢંકાયેલો હોવાથી તેને જીવાત્મા કહે છે. જીવાત્મા મોહમાયામાં ફસાયેલ હોવાથી અજ્ઞાનતાના લીધે પોતાને શરીર સમજી બેઠો છે.તે પોતાના જીવનના ઉદ્દેશ્યને જાણતો નથી કે પોતે પોતાને જાણતો નથી. જો તેને ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂ સંતની શરણાગતિ મળે અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય તો તે જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થાય છે. સદ્ગુરૂ એ શરીર નહીં પરંતુ શરીરના માધ્યમથી પ્રાપ્ત જ્ઞાન એ ગુરૂ હોય છે. મોહ અમારી આંખોની સામે એવું આવરણ લાવી દે છે કે જેના કારણે અમે વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોઈ શકતા નથી. આ મોહ માયાની મુખ્ય શક્તિ છે. પરમાત્માએ મોહનું સર્જન એકવિશેષ ઉદ્દેશ્યના માટે કર્યું છે. માયાનો સહારો લઈને જ પરમાત્મા સૃષ્ટિની રચના કરે છે તેને જ અવિદ્યા માયા કહેવામાં આવે છે. જે સત્યની ઉપર એવું આવરણ લાવી દે છે કે જેથી મનુષ્ય સત્યનું વાસ્તવિક સ્વરૂપ જોઈ શકતો નથી. માયાનું આ બીજું રૂપ મોહ છે તેના કારણે જ મનુષ્ય પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જાય છે. તે ભૂલી ગયો છે કે તે દેહ નથી પરંતુ પરમાત્માનો સનાતન અંશ આત્મા છે. ભ્રમવશ તે દેહને જ પોતાનું વાસ્તવિક સ્વરૂપ માનીને અનેક પ્રકારના કષ્ટ ભોગવે છે. જીવ ઈશ્વરનું સ્વરૂપ છે, શરીરના આવરણના લીધે ચૈતન્ય ગુપ્ત છે.જે સર્વમાં પરમાત્માના દર્શન કરી શકતો નથી તેને પરમાત્માના દર્શન થવાના નથી.જીવનનું મૂળભૂત મહત્વનું ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે. આ પરમાત્માની પ્રાપ્તિ થાય કેવી રીતે? અહંતામમતા, મોહ વગેરે અવિદ્યામાયાના આવરણથી પરમાત્માનું સ્વરૂપ ઢંકાયેલું છે. અવિદ્યાના અતિગાઢ આવરણને દૂર કરવા માટે પરમાત્માની પ્રેમપૂર્ણ પ્રાર્થના સિવાય બીજો માર્ગ જ નથી.

જેવી રીતે જળનું બિન્દુ સમુદ્રમાં ભળી ગયા પછી ફરીથી સમુદ્રથી અલગ થઈ શકતું નથી એવી જ રીતે પરમાત્માનો અંશ (જીવાત્મા) પરમાત્માને પ્રાપ્ત થયા પછી ફરીથી પરમાત્માથી અલગ થઈ શકતો નથી એટલે કે ફરીથી પાછોવળીને સંસારમાં આવતો નથી. ઊંચ-નીચ યોનિઓમાં જન્મ લેવાનું કારણ પ્રકૃતિ અથવા તેના કાર્ય ગુણોનો સંગ જ છે. નારિયેરમાં કાચલી અને કોપરૂં જુદાં છે છતાં જયાં સુધી નારિયેરમાં પાણી છે ત્યાં સુધી કાચલી કોપરાને છોડતી નથી. શરીર એ કાચલી છે, શરીરમાં રહેલ જીવાત્મા એ કોપરા જેવો છે અને પાણી એ વિષયરસ છે.જયાં સુધી વિષયરસ છે,આસક્તિ છે ત્યાં સુધી આત્મા શરીરથી છૂટો પડતો નથી. છૂટો પડવો કઠણ છે. જેનો વિષયરસ તપભક્તિ અને જ્ઞાનની મદદથી સુકાઈ જાય તે જ આત્માને શરીરથી છુટો પાડી શકે છે. ખરો આનંદ શરીરમાં નથી. શરીર ચૂંથે આનંદ આવવાનો નથી. શરીરનું સુખ એ સાચું સુખ નથી, સાચો આનંદ નથી. શરીરનું સુખ એ મારૂં સુખ છે એમ જે માને છે તે અજ્ઞાની છે. આત્મા માયાવી શરીરના આવરણથી ઢંકાયેલો હોવાથી તેને જીવાત્મા કહે છે. જીવાત્મા મોહમાયામાં ફસાયેલ હોવાથી અજ્ઞાનતાના લીધે પોતાને શરીર સમજી બેઠો છે. તે પોતાના જીવનના ઉદ્દેશ્યને જાણતો નથી કે પોતે પોતાને જાણતો નથી.

# ૨૬ નવેમ્બર, 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'




**દ**ર વર્ષે ૨૬ નવેમ્બરે, 'રાષ્ટ્રીય બંધારણ દિવસ' ઉજવવામાં આવે છે તે પાછળનું કારણ એમ છે કે ૨૬ નવેમ્બર, ૧૯૪૯નાં રોજ સ્વતંત્ર ભારતનું બંધારણ ખરડા સમિતિમાં પસાર કરવામાં આવ્યુ હતું. તેથી આ દિવસને 'રાષ્ટ્રીય કાયદા દિવસ' તરીકે પણ ઉજવવામાં આવે છે.

ભારતીય બંધારણનો ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને સંઘને સુરક્ષિત રાખવા માટે દેશને સ્વતંત્ર સામ્યવાદી, બિનસાંપ્રદાયિક સ્વાયત્ત અને પ્રજાસત્તાક ભારતીય નાગરિક તરીકે રચવા માટે અપનાવવામાં આવ્યો હતો. દુનિયાનું સૌથી મોટુ બંધારણ ભારતનું છે. તે કોઈ પ્રિન્ટ કે ટાઈપ રાઈટર દ્વારા નહીં પણ હાથેથી લખવામાં આવ્યું હતું. તેને લખતા ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસ થયા હતાં અને ૨૮૪ લોકો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં. જવાહરલાલ નહેરુ, ડૉ. ભીમરાવ આંબેડર, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબુલ કલામ આઝાદ આ સભાના પ્રમુખ સભ્યો હતા. બંધારણ વિશ્વનું સૌથી લાંબુ લખાયેલું સંવિધાન છે. બંધારણ લખનારી સમિતીએ તેને હિંદી, અંગ્રેજીમાં હાથથી લખીને કેલિગ્રાફ કર્યું હતું. તેમાં કોઈ ટાઈપિંગ કે પ્રિન્ટિંગ સામેલ ન હતી. આઝાદી મળ્યા પછી એક બંધારણ સભાની રચના કરવામાં આવી હતી. બંધારણ સભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ મળી એ બંધારણ સભામાં કુલ ૩૮૯ સભ્યો હતા ત્યારબાદ ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ડ્રાફ્ટિંગ કમિટીની રચના થઈ જેનું નેતૃત્વ ડૉ. ભીમરાવ આંબેડકર દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણના મુસદ્દાનો સ્વીકાર થયો અને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ૨૮૪ સભ્યોએ તેમાં હસ્તાક્ષર કર્યા અને અંતે ૨૬ જાન્યુઆરીએ દેશમાં બંધારણ લાગુ કરવામાં આવ્યું. ભારતનું બંધારણ લિખિત અને વિસ્તૃત છે. તેમાં વિવિધ કાયદાઓ અને અધિકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ન્યાયપાલિકાની સ્વતંત્રતા, યાત્રા, રહેણીકરણી, ભાષા, ધર્મ, શિક્ષણ વગેરેની સ્વતંત્રતા, એક જ રાષ્ટ્રીયતા, રાષ્ટ્રીય સ્તરે જાતિ વ્યવસ્થાની રચના, સમાન નાગરિક સંહિતા અને અધિકૃત ભાષાઓ, કેન્દ્ર ગણરાજ્ય સમાન છે, બુદ્ધ અને બૌદ્ધ અનુષ્ઠાનનો પ્રભાવ, મહિલાઓનાં મતદાન અધિકારને લગતી ઘણી બાબતો દર્શાવાઈ છે. ભારતનાં બંધારણની આટલી સક્ષમતા જોઈને વિભિન્ન દેશોએ ભારતીય સંવિધાનને અપનાવ્યું છે.

અત્રે યાદ રહે કે, સાત દાયકા કરતાં વધુ સમય પહેલાં ઘડાયેલા ભારતનાં બંધારણને વિશ્વભરમાં સૌથી પ્રગતિશીલ, ભવિષ્યલક્ષી કાનૂની દસ્તાવેજોમાંનો એક ગણવામાં આવે છે. આપણા સ્થાપકોએ આવા સ્વપ્નદ્રષ્ટા દસ્તાવેજ સાથે બહાર આવવામાં સફળતા મેળવી હતી, જ્યારે દેશ આટલા સામાજિક-આર્થિક અને વિકાસલક્ષી મુદ્દાઓનો સામનો કરી રહ્યો હતો, તે હકીકત તેમના ઉત્કૃષ્ટ દ્રષ્ટિકોણ અને આધુનિક, પ્રગતિશીલ સમાનતાવાદી સમાજના નિર્માણ પ્રત્યેની તેમની ભવ્ય પ્રતિબદ્ધતાનો પુરાવો આપે છે. 'બંધારણ દિવસ' દેશભરમાં આપણી ઊંડા મૂળવાળી લોકશાહી પરંપરાના ઉજવણી તરીકે ઉજવવામાં આવે છે, જે ભારતના બંધારણ તરીકે ઓળખાતા દસ્તાવેજમાં પુનઃ પ્રગટ થાય છે. તેના અમલીકરણ પછી, ભારતના બંધારણે લોકશાહી શાસનના વિકાસ માટે એક પાયો, એક સ્થાપત્ય પૂરું પાડ્યું છે, જે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના બંધારણીય આદેશને જાળવી રાખવાના હેતુથી વિવિધ સરકારી કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સમાં સ્પષ્ટ થાય છે. બંધારણે, અધિકારો અને જવાબદારીઓ બંને પર ભાર મૂકીને, શાસન સુધારાઓ અને પહેલોની શ્રેણી માટે માર્ગ મોકળો કર્યો છે, એક મોડેલ જેને છેલ્લા સાત દાયકા કે તેથી વધુ સમયથી અનુગામી સરકારોએ અનુસરવાનો પ્રયાસ કર્યો છે.

-મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# સ્પોર્ટ્સ ન્યુઝ

## રવિન્દ્ર જાડેજાએ દક્ષિણ આફ્રિકા સામે મોટી સિદ્ધિ હાંસલ કરી



**તેણે નવ ટેસ્ટમાં ૪૪ વિકેટ લીધી છે, કુંબલેએ ભારતમાં દક્ષિણ આફ્રિકા સામે નવ ટેસ્ટમાં ૩૯ વિકેટ લીધી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુબંઇ,તા.૨૫:** દક્ષિણ આફ્રિકા અને ભારત વચ્ચે ટેસ્ટ સીરિઝની બીજી મેચ ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. ભારતીય ટીમ હાલમાં આ ટેસ્ટ મેચમાં બેકફૂટ પર હોય તેવું લાગે છે. જોકે, આ ટેસ્ટ મેચ દરમિયાન, સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ એક મોટી સિદ્ધિ હાંસલ કરી. તેણે હવે દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટ ક્રિકેટમાં ૫૦ વિકેટ લીધી છે, તે આ સિદ્ધ મેળવનારા પાંચમા ભારતીય બોલર છે.

ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકા સામે સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ અનિલ કુંબલેના નામે છે. તેમણે ૪૦ ઈનિંગ્સમાં ૫૪ વિકેટ લીધી હતી. પૂર્વ ફાસ્ટ બોલર જવાગલ શ્રીનાથ આ યાદીમાં બીજા સ્થાને છે. શ્રીનાથ ૨૫ ઈનિંગમાં ૬૪ વિકેટ લઈ ચૂક્યા છે. હરભજન સિંહ ૧૯ ઈનિંગમાં ૬૦ વિકેટ સાથે ત્રીજા સ્થાને છે. પૂર્વ ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન આ યાદીમાં ચોથા સ્થાને છે. તેમણે ૨૬ ઈનિંગમાં ૫૭ વિકેટ લીધી હતી. હવે રવિન્દ્ર જાડેજાએ ૧૯ ઈનિંગમાં ૫૦ વિકેટ લીધી છે. હવે જાડેજાનું નામ આ યાદીમાં જોડાઈ ગયું છે.

રવિન્દ્ર જાડેજા ભારતમાં દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટમાં ભારત માટે બીજા ક્રમે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યા છે. તેમણે હરભજન સિંહ અને અનિલ કુંબલેના રેકોર્ડને પાછળ છોડી દીધા. રવિચંદ્રન અશ્વિન ભારતમાં દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ ધરાવે છે. તેણે ભારતમાં દક્ષિણ આફ્રિકા સામે સાત મેચમાં ૪૬ વિકેટ લીધી હતી. આ યાદીમાં રવિન્દ્ર જાડેજા બીજા ક્રમે છે. તેણે નવ ટેસ્ટમાં ૪૪ વિકેટ લીધી છે. કુંબલેએ ભારતમાં દક્ષિણ આફ્રિકા સામે નવ ટેસ્ટમાં ૩૯ વિકેટ લીધી હતી.

ગુવાહાટીમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ મેચની વાત કરીએ તો, દક્ષિણ આફ્રિકા પાસે ૫૦૦ રનથી વધુની લીડ છે. ચોથા દિવસે લંચ સુધીમાં, દક્ષિણ આફ્રિકાએ પોતાની બીજી ઈનિંગમાં ૨૨૦ રન બનાવી લીધા હતા. આફ્રિકન ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને ૪૮૯ રન બનાવ્યા હતા. જવાબમાં, ભારતીય ટીમ પોતાની પહેલી ઈનિંગમાં ૨૦૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયા બેકફૂટ પર હોય તેવું લાગે છે.

## પિતા બાદ સ્મૃતિ મંધાનાના મંગેતર પલાશ મુચ્છલની પણ તબિયત લથડી

**પલાશને વાયરલ ઈન્ફેક્શન અને ગંભીર એસિડિટીને કારણે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૫ :** ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાના પર મુશ્કેલીઓનો પહાડ તૂટી પડ્યો છે. લગ્નના થોડા કલાકો પહેલા જ તેના પિતા શ્રીનિવાસ મંધાનાને હૃદયરોગનો હુમલો આવ્યો હતો, જેના કારણે લગ્ન મુલતવી રાખવા પડ્યા હતા અને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. પરિવાર આ આઘાતમાંથી માંડ માંડ બહાર આવ્યો હતો ત્યારે થોડા સમય પછી સ્મૃતિનો મંગેતર પલાશ મુછલ અચાનક બીમાર પડી ગયો અને તેને પણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો.

મીડિયા અહેવાલો અનુસાર, પલાશને વાયરલ ઈન્ફેક્શન અને ગંભીર એસિડિટીને કારણે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. સદનસીબે પલાશની હાલત ગંભીર નહોતી. સારવાર પછી તેને તરત જ રજા આપવામાં આવી હતી અને હવે તે હોટેલમાં પાછો ફર્યો છે અને સંપૂર્ણપણે સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે. સ્મૃતિ મંધાના અને પલાશ મુછલના લગ્ન રવિવારે બપોરે ૪:૩૦ વાગ્યે થવાના હતા, પરંતુ બપોરે ૧:૩૦ વાગ્યે સ્મૃતિના પિતાને છાતીમાં તીવ્ર દુખાવો થયો, જેના પછી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. સ્મૃતિના ફેમિલી ડોક્ટર નમન શાહે જણાવ્યું કે મેડિકલ ટીમ તેના પિતાના સ્વાસ્થ્ય પર સતત નજર રાખી રહી છે. જો શ્રીનિવાસ મંધાનાની સ્થિતિમાં અપેક્ષા મુજબ સુધારો થાય છે, તો તેમને આજે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે. પિતા અને ભાવિ પતિની અચાનક તબિયત બગાડતા સ્મૃતિ મંધાના ખૂબ જ ચિંતિત છે. પરિવારે લગ્ન થોડા દિવસો માટે મુલતવી રાખ્યા છે અને હાલમાં બધાનું ધ્યાન શ્રીનિવાસ મંધાનાના ઝડપી સ્વસ્થ થવા પર છે.

## અરુણાચલ પ્રદેશની એક ભારતીય મહિલાની ચીન દ્વારા અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવીદિલ્હી,તા.૨૫**

શાંઘાઈ પુડોંગ એરપોર્ટ પર પરિવહન દરમિયાન અરુણાચલ પ્રદેશની એક ભારતીય મહિલાની અટકાયત અંગે ચીન દ્વારા હાથ ધરાયેલા પગલાં સામે ભારતે સખત વાંધો ઉઠાવ્યો છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે બંને દેશો તેમના તણાવપૂર્ણ સંબંધોને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, શાંઘાઈ પુડોંગ એરપોર્ટ પર પરિવહન દરમિયાન મહિલાને અટકાવવામાં આવી હતી અને તેનો ભારતીય પાસપોર્ટ અમાન્ય જાહેર કરવામાં આવ્યો હતો. ભારતે આ અંગે સખત વિરોધ નોંધાવ્યો હતો. શાંઘાઈમાં ભારતીય કોન્સ્યુલેટે પણ હસ્તક્ષેપ કર્યો હતો અને મહિલાને મદદ કરી હતી.

ભારતે ચીનને સ્પષ્ટપણે જણાવ્યું છે કે, મહિલાને કોઈપણ માન્ય આધાર વિના અટકાયતમાં લેવામાં આવી હતી. તેણે એ પણ પુનરોચ્ચાર કર્યો હતો કે અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન ભાગ છે અને તેના રહેવાસીઓને ભારતીય પાસપોર્ટ પર મુસાફરી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. ભારતે ચીનના આ પગલાને આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નિયમો, ખાસ કરીને શિકાગો અને મોન્ટ્રીયલ સંમેલનોનું ઉલ્લંઘન ગણાવ્યું હતું.

પેમા વાંગજોમ થોંગડોકે રિપોર્ટ આપ્યો હતો કે ૨૧ નવેમ્બરના રોજ, લંડનથી જાપાન જતી વખતે, તેણીને શાંઘાઈ ટ્રાન્ઝિટ સ્ટેશનમાં લગભગ ૧૮ કલાક માટે અટકાયતમાં રાખવામાં આવી હતી, પૂછપરછ કરવામાં આવી હતી અને વારંવાર અપમાનજનક વર્તન કરવામાં આવ્યું હતું. ચીની ઈમિગ્રેશન અધિકારીઓએ તેમના પાસપોર્ટને અમાન્ય જાહેર કર્યો કારણ કે તેમના જન્મસ્થળ અરુણાચલ પ્રદેશમાં નોંધાયેલું હતું. અહેવાલ મુજબ, તેમને કહેવામાં આવ્યું હતું કે અરુણાચલ પ્રદેશ ચીનનો ભાગ છે અને ચીની પાસપોર્ટ માટે અરજી કરવાની સલાહ આપવામાં આવી હતી.

મુસાફરના જણાવ્યા મુજબ, તેમનો પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો હતો, માન્ય જાપાની વિઝા હોવા છતાં તેમની આગળની ફ્લાઇટ અવરોધિત કરવામાં આવી હતી, અને તેમને નવી ટિકિટ ખરીદવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. આનાથી મહિલાને નાણાકીય નુકસાન પણ થયું.

ભારતે કહ્યું કે, ચીનના પગલાં દ્વિપક્ષીય સંબંધોને સ્થિર કરવાના ચાલુ પ્રયાસોમાં બિનજરૂરી અવરોધ હતા. ભારતે આ ઘટનાને તેની સાર્વભૌમત્વનું અપમાન ગણાવ્યું અને ચીન પાસેથી જવાબદારી, વળતર અને ખાતરીની માંગ કરી કે ભવિષ્યમાં અરુણાચલ પ્રવાસીઓ સાથે આવું વર્તન ફરીથી નહીં થાય. જોકે, ભારતીય કોન્સ્યુલેટના હસ્તક્ષેપ બાદ, મહિલાને મોડી રાત્રે વધુ મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

રામમંદિરના સ્વર્ણ શિખર પર ધર્મ ધ્વજા ફરકાવવામાં આવી

# પીએમ મોદીએ અભિજીત મૂહૂર્તમાં રામ મંદિરના શિખર પર ધર્મ ધ્વજા ફરકાવી

**આ પ્રસંગે પીએમ મોદીની સાથે સીએમ યોગી તથા મોહન ભાગવત ઉપસ્થિત રહ્યા હતા**





(સંપૂર્ણ સમાચાર સેવા)

**અયોધ્યા, તા.૨૫**

પીએમ મોદીએ અભિજીત મૂહૂર્તમાં રામ મંદિરના શિખર પર ધર્મ ધ્વજા ફરકાવી. આ ઐતિહાસિક અને અલૌકિક પળનો આખો દેશ સાક્ષી બન્યો છે. આ ખાસ કાર્યક્રમ પ્રસંગે પીએમ મોદી સાથે યુપીના રાજ્યપાલ આનંદીબહેન પટેલ, યુપી સીએમ યોગી આદિત્યનાથ અને આરએસએસ સુપ્રિમો મોહન ભાગવત ઉપસ્થિત રહ્યા હતા.

આ ધર્મધ્વજ ફક્ત એક ધ્વજ નથી. તે ભારતીય સભ્યતાના પુનર્જીવનનો ધ્વજ છે. ભગવો રંગ, સૂર્યવંશનું ચિહ્ન, 'ઓમ' શબ્દ અને કોવિદાર વૃક્ષ રામ રાજ્યના મહિમાનું પ્રતિક છે. આ ધ્વજ એક સંકલ્પ છે, એક સફળતા છે, સર્જન માટે સંઘર્ષની વાર્તા છે, ૧૦૦ વર્ષના સંઘર્ષનું ભૌતિક સ્વરૂપ છે... આવનારી હજારો સદીઓ સુધી, આ ધ્વજ ભગવાન રામના મૂલ્યોનો પ્રચાર કરશે. સત્ય એ ધર્મ છે. કોઈ ભેદભાવ કે દુ:ખ ન હોવું જોઈએ, અને શાંતિ અને સુખ હોવું જોઈએ.. કોઈ ગરીબી ન હોવી જોઈએ, અને કોઈ લાચાર ન હોવું જોઈએ.

આજે એ યજ્ઞની પૂર્ણાહૂતિ છે જેની અગ્નિ ૫૦૦ વર્ષ સુધી પ્રજવલિત રહી. જે યજ્ઞ એક પળ પણ આસ્થાથી ડગમગ્યો નહીં. એક પળ પણ વિશ્વાસથી તૂટ્યો નહીં. આજે ભગવાન શ્રીરામના ગર્ભગૃહની અનંત ઊર્જા, રામ દરબારનો અનંત પ્રતાપ રૂપે આજે ધર્મધ્વજ પ્રતિસ્થાપિત થયો છે. આ ધર્મધ્વજા માત્ર ધ્વજા નથી ભારતીય સભ્યતાના પુર્ન જાગરણનો ધ્વજ છે. દરેક રામ ભક્તના હૃદયમાં અસાધારણ સંતોષ છે. અનંત કૃતજ્ઞતા છે. અનંત અલૌકિક આનંદ છે. સદીઓના ઘા રૂઝાઈ રહ્યા છે. સદીઓના દુ:ખ આજે શાંત થઈ રહ્યા છે. સદીઓનો સંકલ્પ આજે સફળ થઈ રહ્યો છે. આજે તે બલિદાનની પૂર્ણાહુતિ છે જેની અગ્નિ ૫૦૦ વર્ષ સુધી પ્રજવલિત રહી. ભગવાન રામની ઉર્જા આ ધર્મ ધ્વજના રૂપમાં ભવ્ય રામ મંદિરના શિખર પર સમાધિ પામેલી છે. ''આજે, આખું ભારત અને વિશ્વ રામથી ભરેલું છે. દરેક રામ ભક્તના હૃદયમાં અસાધારણ સંતોષ છે. અનંત કૃતજ્ઞતા છે. અગમ્ય અલૌકિક આનંદ છે. સદીઓના ઘા રૂઝાઈ રહ્યા છે. સદીઓના દુ:ખ આજે શાંત થઈ રહ્યા છે. સદીઓનો સંકલ્પ આજે પૂર્ણ થઈ રહ્યો છે. આજે તે બલિદાનની પૂર્ણાહુતિ છે જેની અગ્નિ ૫૦૦ વર્ષ સુધી પ્રજવલિત રહી. ધર્મધ્વજ ફરકાવ્યા બાદ કાર્યક્રમ સ્થળ પર હાજર જનમેદનની સંબોધન કર્યુ હતું. જેમાં સૌ પ્રથમ યોગી આદિત્યનાથ અને ત્યારબાદ મોહન ભાગવતે સંબોધન કર્યું. સીએમ યોગીએ કહ્યું કે એક નવા યુગનો શુભારંભ થયો છે. આ ભવ્ય મંદિર ૧.૪ અબજ ભારતીયોની શ્રદ્ધાનું પ્રતીક છે. તેમણે કહ્યું કે, રામ મંદિર પર લહેરાતો ભગવો ધ્વજ ધર્મ અને ભારતના દ્રષ્ટિકોણનું પણ પ્રતીક છે. દૃઢ નિશ્ચયનો કોઈ વિકલ્પ નથી. યોગી આદિત્યનાથે ''આપણે લાઠી-ગોળીઓનો સામનો કરીશું, પણ ત્યાં મંદિર બનાવીશું'' ના સૂત્રનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, ભગવાન રામનું પવિત્ર શહેર એક નવા યુગમાં પ્રવેશ્યું છે. આજે અયોધ્યામાં દરેક પ્રકારની સુવિધા ઉપલબ્ધ છે. તેમણે અયોધ્યામાં થયેલા વિકાસ કાર્યોની પણ યાદી આપી અને ''જય જય શ્રી રામ'' ના સૂત્ર સાથે પોતાનું ભાષણ સમાપ્ત કર્યું. તો સંઘ પ્રમુખે કહ્યું કે, રામ મંદિર માટે લોકોએ બલિદાન આપ્યું. આજે અશોકજીને શાંતિ મળી હશે. આજે રામમંદિરની શાસ્ત્રીય પ્રક્રિયા પૂર્ણ થઈ. કરોડો લોકોની આસ્થા સાકાર થઈ છે. રામ રાજ્યનો 'ધ્વજ', જે એક સમયે અયોધ્યામાં ઊંચે ઉડતો હતો અને વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિ ફેલાવતો હતો, તે હવે તેના 'શિખર' પર બેઠો છે અને અમે આ બનતા જોયા છે. 'ધ્વજ' એક પ્રતીક છે. મંદિર બનાવવામાં સમય લાગ્યો. જો તમે ૫૦૦ વર્ષ બાજુ પર રાખો તો પણ ૩૦ વર્ષ લાગ્યા.

## EDએ બે ગેમિંગ કંપનીઓની રૂ.૫૨૩ કરોડની સંપત્તિ ફ્રીઝ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ વિન્ઝો અને ગેમ્સકાર્ટ જેવી ઓનલાઇન ગેમ (જુગાર) રમાડતી કંપનીઓની રૂ.૫૨૩ કરોડની સંયુક્ત સંપત્તિની ફ્રીઝ કરી હોવાનું જણાવ્યું છે. ભારત સરકારે તાજેતરમાં જ અસલ પૈસાથી રમાતા ઓનલાઇન જુગારને પ્રતિબંધિત જાહેર કર્યો હતો ત્યારબાદ પણ આ કંપનીઓના એકાઉન્ટનો લોકોના અબજો રૂપિયા જમા હતા જે ખરેખર તેઓએ ખેલાડીઓને પરત કરી દેવા જોઈતા હતા, પરંતુ કંપનીઓને આ પૈસા લોકોને પરત કર્યા નહોતા.

ઈડીએ ૧૮ નવેમ્બરથી ૨૨ નવેમ્બર વચ્ચે નવી દિલ્હી, બેંગ્લોર અને ગુરૂગ્રામ સ્થિત આ કંપનીઓની પેરેન્ટ કંપનીઓ નિર્દેશા નેટવર્ક પ્રાઈવેટ લિમિટેડ, ગેમ્સકાર્ટ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ અને વિન્ઝો ગેમ્સ પ્રાઈવેટ લિમિટેડની ઓફિસો અને તેઓના પ્રમોટરોની ઓફિસો અને નિવાસસ્થાનો ઉપર દરોડા પાડ્યા હતા. આ તમામ કંપનીઓ ખેલાડીઓને અસલ રૂપિયાથી ઓનલાઇન જુગાર રમાડતી હતી.

ઈડીએ વિન્ઝો કંપની ઉપર ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંડોવણી હોવાનો અને ગેરરીતિ આચરવાનો ગંભીર આરોપ મૂક્યો હતો, કેમ કે આ કંપનીઓ અસલ રૂપિયાથી લોકોને ઓનલાઇન જુગાર રમાડતી હતી, પરંતુ જુગાર રમનારા ખેલાડીઓને એવી જાણ જ નહોતી કે તેઓ કોઇ માણસો સાથે નહીં પરંતુ અલ્ગોરિધમ ધરાવતા એક સોફ્ટવેર સાથે જુગાર રમી રહ્યા છે.

ઈડી દ્વારા બહાર પાડવામાં આવેલાં નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે વિન્ઝો કંપની ભારતમાં બેઠી બેઠી તેના સમાન પ્લેટફોર્મ ઉપરથી બ્રાઝિલ અમેરિકા અને જર્મનીના લોકોને પણ અસલ રૂપિયાથી જુગાર રમાડતી હતી. ભારત સરકારે ગત ૨૨ ઓગસ્ટ-૨૦૨૫ના રોજ અસલ નાણાં વડે ઓનલાઇન જુગાર રમવા કે રમાડવા ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો તેમ છતાં આ કંપનીએ ખેલાડીને નાણાં પરત કર્યા વિના પોતાના એકાઉન્ટમાં રૂ.૪૩ કરોડની રકમ મૂકી રાખી હતી.

## યમનમાં બંદૂકધારીઓએ મોટો હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**યમન, તા.૨૫**

યમનમાં બંદૂકધારીઓનો આતંક યથાવત જોવા મળ્યો છે. અહીં બંદૂકધારીઓએ તાઇઝ પ્રાંતના ગવર્નરના કાફલા પર ગોળીબારી કરી, જેમાં ઓછામાં ઓછા ૫ સુરક્ષા અધિકારીઓ મૃત્યુ પામ્યા છે. આ હુમલામાં ૨ અન્ય લોકો ઘાયલ થયા છે. અધિકારીએ આ હુમલા વિશે માહિતી આપી છે.

તાઇઝ પ્રાંતના પ્રવક્તા મહંમદ અબ્દેલ-રહમાનએ 'એસોસિએટેડ પ્રેસે જણાવ્યું કે તાઇઝને દેશના અન્ય ભાગો સાથે જોડતી મુખ્ય રોડ પર નબીલ શમસાનને નિશાન બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે ગોળીબારીમાં ૨ હુમલાખોર પણ માર્યા ગયા છે. કોઈપણ ગ્રુપે તરત જ આ હુમલાની જવાબદારી લીધી નથી.

ગવર્નરના કાર્યાલયે એક નિવેદનમાં કહ્યું છે કે સુરક્ષા અને સૈન્ય દળો આ હુમલાના દોષિતોને શોધી રહ્યા છે. તાઇઝમાં ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓ અને 'ઈસ્લાહ' પાર્ટી સમર્થિત અન્ય લડવૈયાઓ વચ્ચે વચસ્વાની લડાઈ ચાલી રહી છે.

દક્ષિણ-પશ્ચિમમાં આવેલ તાઇઝ બે મહત્વપૂર્ણ હાઈવેનો જંકશન છે. એક પૂર્વ-પશ્ચિમ માર્ગ, જે લાલ સમુદ્રના તટ પર આવેલા મોખા શહેર સુધી જાય છે, અને બીજી ઉત્તર-દક્ષિણ માર્ગ, જે ધમાર અને ઇબ્બ પ્રાંતોથી પસાર થઈને સના સુધી જાય છે. ૨૦૧૬થી આ વિસ્તાર હૂતી બંદોબસ્ત હેઠળ છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય સરકાર વિરુદ્ધ તેમની લડાઈનો એક ભાગ છે.

શ્રીમતી સુધા મૂર્તિની પ્રેરક હાજરીમાં અદાણી

## ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે બુકફિલક્સ ૨૦૨૫નો આરંભ







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૫**

અમદાવાદના શાંતિગ્રામ ખાતેની અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલએ પ્રખ્યાત લેખિકા, પરોપકારી અને પદ્મભૂષણથી પુરસ્કૃત શ્રીમતી સુધા મૂર્તિની પ્રેરક ઉપસ્થિતિમાં વાંચન અને વાર્તા કહેવાના તેના વાર્ષિક ઉજવણીના ઉપક્રમ બુકફિલક્સની ત્રીજી આવૃત્તિ ખુલ્લી મૂકવામાં આવી હતી. શ્રીમતી મૂર્તિ સમારોહના મુખ્ય અતિથી અને અધ્યક્ષપદે ખાસ હાજર રહ્યા હતા.

આ સમારોહમાં સ્વાગત પ્રવચન કરતા અદાણી ઈન્ટરનેશનલ સ્કુલ (ADIS) ના પ્રયોજક શ્રીમતી નમ્રતા અદાણીએ આ પ્રસંગે ભારતભરના વાચકોની યુવા પેઢીને વાંચન પ્રત્યે પ્રેરણા આપવા બદલ શ્રીમતી મૂર્તિનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, ''બુકફિલક્સના આરંભ અગાઉથી અમારી સ્કૂલનું કેમ્પસ વાર્તાઓ, સંવાદો, પુસ્તકોના આદાનપ્રદાન અને સર્જનાત્મક સાહસિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું છે. તેમણે કહ્યું કે, નીત નવી અજાયબીઓને પ્રેરણા આપવી, બાળકોના ચહેરાઓ ઉપર પ્રસન્નતા બની રહે તે માટે આનંદીત વાતાવરણ બનાવવા સાથે જીવન ઘડતરના મહત્વના મૂલ્યોને વધુ ઉંડાણથી તેઓને સમજાવવાની અમારી સરળ આશા છે આ બાબતો અમારા દ્રષ્ટિકોણને આકાર આપીને વિશ્વનો અર્થ સમજાવવામાં મદદ કરે છે.

આ મુલ્યોને શીખનારાઓ-કેન્દ્રિત ફિલસૂફી માટે જાણીતી ADIS સાહિત્ય, કલા અને પ્રત્યુત્તર-આધારિત રોજબરોજના શિક્ષણને અભ્યાસમાં એકીકૃત કરે છે. બુકફિલક્સનો ઉપક્રમ સર્વાંગી વિકાસ પ્રત્યે શાળાની પ્રતિબદ્ધતાની આવશ્યક અભિવ્યક્તિ કરે છે.

આ પ્રસંગે શ્રીમતી સુધા મૂર્તિએ કેમ્પસમાં ૮૦૦ વિદ્યાર્થીઓના સમુદાયને સંબોધતા વાંચન, કલ્પના અને મૂલ્યો વિષે ઉંડાણથી સમજ આપી હતી. આ વેળા યોજાયેલી વિશિષ્ટ પ્રશ્નોત્તારીમાં વિદ્યાર્થીઓએ શ્રીમતી મૂર્તિનેતેમના પુસ્તકો, લેખન પ્રક્રિયા અને જીવનના અનુભવો વિશે રસપ્રદ પ્રશ્નો પૂછ્યા હતા. બાળકો પ્રત્યેનો તેમનો સાલસ અને સરળ અભિગમ ઉપસ્થિત સહુ માટે મનભાવન બની રહ્યો હતો. શ્રીમતી સુધા મૂર્તિએ ADIS વિદ્યાર્થીઓને શાળામાં મળતી દરેક તકનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી જણાવ્યું હતું કે શાળાકીય અભ્યાસના અનુભવો ''પાયાના પથ્થરો'' છે, જે ભાવિની જીંદગીમાં ''હીરા'' માં પરિવર્તિત થાય છે. તેમણે બાળકોને બધી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અપીલ કરતા જણાવ્યું હતું કે, આજની અપાર પસંદગીઓ આવતીકાલની શક્તિઓને ઘડે છે. વિદ્યાર્થીઓના માતાપિતા સાથે સંવાદ કરતા, તેમણે બાળકોને તેમના પોતાના માર્ગો પસંદ કરવાની સ્વતંત્રતા આપવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. શ્રીમતી મૂર્તિએ વિદ્યાર્થીઓને સમયનો આદર કરવા, વિશ્વસનીય બનવા અને આંતરિક પ્રતિભાને સખત મહેનત સાથે જોડવી એ સફળતા માટે જરૂરી હોવાની યાદ અપાવી હતી. તેમણે ટકોર કરી હતી કે સૌથી હોશિયાર બાળક પણ શિસ્ત અને સમર્પણ વિના પ્રગતિ કરી શકશે નહીં. વાંચનની જરુરિયાતને પ્રતિબિંબિત કરતા શ્રીમતી મૂર્તિએ વિદ્યાર્થીઓને વ્યાપકપણે સંશોધન કરવા અને ઊંડાણપૂર્વક વિચારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલ વાંચનને શિક્ષણના કેન્દ્રમાં રાખે છે તે જાણીને તેઓ પ્રભાવિત થયા હતા. જ્યારે બાળકો વાંચે છે, ત્યારે સહાનુભૂતિ, કલ્પનાશક્તિ અને જીવન માટેનો તેઓ મજબૂત પાયો બનાવે છે. કેમ્પસમાં વિદ્યાર્થીઓ ખાસ કરીને દાદીમાની બેગ ઓફ સ્ટોરીઝ, ગોપી ડાયરીઝ, થ્રી થાઉઝન્ડ સ્ટીચ અને વાઈઝ એન્ડ અધરવાઈઝ જેવા પ્રિય શીર્ષકો પાછળના પ્રખ્યાત લેખકને મળવા માટે ભારે ઉત્સાહિત હતા. ટેલ્કોની પ્રથમ મહિલા એન્જિનિયર બનવાથી લઈને ૨૫ વર્ષ સુધી આઇટી મેજર ઈન્ફોસિસ ફાઉન્ડેશનનું નેતૃત્વ કરવા સુધીની તેમની સફર દેશભરના યુવા મનને પ્રેરણા આપે છે. હૃદયપૂર્વકના સંકેત તરીકે ADISના વિદ્યાર્થીઓએ શ્રીમતી સુધા મૂર્તિને ખાસ ક્યુરેટ કરેલા પુસ્તકો ભેટ આપ્યા હતા.

પ્રાથમિક કક્ષના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ પ્રથમ, તેમના જીવન અને વાર્તાઓને IB લર્નર પ્રોફાઈલ સાથે સુંદર રીતે જોડે છે. માધ્યમિક વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ બીજો હસ્તલિખિત પ્રત્રોનો સંગ્રહ છે જે તેમના મૂલ્યો અને લખાણો તેમને વિચારશીલ, દયાળુ વ્યક્તિઓ તરીકે વિકાસ કરવા માટે કેવી રીતે પ્રેરણા આપે છે તે અભિવ્યક્ત કરે છે. ADIS ની સાથે વિકાસની ફિલસૂફીના પ્રતીક સમાન ''સમવૃધ્દિ:'' શીર્ષક હેઠળ સહયોગી કલાકૃતિ પણ વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરી હતી. આ જીવંત કોલેજ જિજ્ઞાસા, હિંમત, નવીનતા, દયા, સ્વ-શિસ્ત અને દ્રઢતા જેવા મૂલ્યોને એક સામૂહિક અભિવ્યક્તિમાં એકત્ર કરે છે. શ્રીમતી મૂર્તિ ADIS વિદ્યાર્થીઓએ દર્શાવેલા સ્નેહ અને આદરથી ખૂબ પ્રભાવિત થયા હતા. ૨૭ નવેમ્બર સુધી ચાલનારો, બુકફિલક્સ ADIS કેમ્પસને વર્કશોપ, વાર્તા કહેવાના સત્રો, પાત્ર પ્રયોગશાળાઓ, સર્જનાત્મક લેખન સ્ટુડિયો અને લેખક-નેતૃત્વ ક્રિયાપ્રતિક્રિયાઓથી ભરેલા જીવંત સાહિત્યિક ક્ષેત્રમાં પરિવર્તિત કરનાર બની રહેશે. આ ઉત્સવ આત્મવિશ્વાસપૂર્વક, જિજ્ઞાસુ અને દયાળુભાવ સાથે જીવનભર શીખનારાઓને ઉછેરવાના શાળાના મિશનને મજબૂત બનાવે છે. બુકફિલક્સ ૨૦૨૫ ખુલ્લો મૂકવાની ઘોષણા કરતા શ્રીમતી અદાણીએ કહ્યું, ''વાંચનનો આનંદ, વાર્તાઓનો જાદુ અને સર્જનાત્મકતાની શક્તિને પ્રભુત્વ આપવા દો.''

# ઈથોપિયામાં જ્વાળામુખી ફાટતા ભારત સુધી પહોંચ્યો ખતરો!



**ફ્લાઈટ સેવાઓ પર માઠી અસર: ભારતના નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય એ બધી એરલાઇન્સને એક એડવાઇઝરી જાહેર કરી જેમાં તેમને ઊંચાઈ પર અને જ્વાળામુખીની રાખ ફેલાતી હોય તેવા વિસ્તારો પર ઉડાન ટાળવાની સલાહ આપવામાં આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૫**

ઈથોપિયામાં સેંકડો વર્ષોથી શાંત પડેલો 'હેલી ગુબ્બી' જ્વાળામુખી રવિવારે અચાનક સક્રિય થતા વૈશ્વિક હવાઈ વ્યવહાર પર સંકટના વાદળો ઘેરાયા છે. જ્વાળામુખીમાંથી નીકળેલી રાખ અને ધુમાડાની અસર હવે ભારતીય ઉડ્ડયન ક્ષેત્ર પર પણ વર્તાવા લાગી છે. આ રાખના કારણે કન્નુરથી અબુ ધાબી જઈ રહેલી ઈન્ડિગોની એક ફ્લાઈટને અધવચ્ચેથી ડાયવર્ટ કરીને અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતારવી પડી હતી.

હવામાન નિષ્ણાતોના મતે, જ્વાળામુખીની રાખ ગુજરાત થઈને દિલ્હી-NCR અને પંજાબ સુધી પહોંચી શકે છે, જેના કારણે આગામી કલાકોમાં વધુ ફ્લાઈટ્સ પ્રભાવિત થવાની શક્યતા છે. ઈથોપિયામાં થયેલા પ્રચંડ વિસ્ફોટને કારણે આકાશમાં રાખના ગોટેગોટા છવાયા છે, જે વિમાનના એન્જિન માટે અત્યંત જોખમી હોય છે. આ પરિસ્થિતિને કારણે ભારતથી ખાડી દેશો તરફ જતી ફ્લાઈટ્સ પર સીધી અસર પડી છે.

કન્નુરથી અબુ ધાબી જતી ઈન્ડિગોની ફ્લાઈટના રૂટમાં રાખના વાદળો આવતા તેને તાત્કાલિક ડાયવર્ટ કરવામાં આવી હતી અને બાદમાં અમદાવાદ એરપોર્ટ પર તેનું સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

અહેવાલો મુજબ, સુરક્ષાના કારણોસર અન્ય ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પણ રદ કરવી પડી છે.

હવામાનના મોડલ મુજબ, ઈથોપિયાથી ઉડેલી આ ગાઢ રાખ સોમવારે રાત સુધીમાં ઉત્તર-પશ્ચિમ ભારતના વાતાવરણમાં પ્રવેશે તેવી શક્યતા છે.

પવનની દિશા મુજબ, આ પ્રદૂષિત વાદળો સૌથી પહેલા ગુજરાતમાં પ્રવેશ કરશે અને ત્યારબાદ રાજસ્થાન, દિલ્હી-NCR અને પંજાબ તરફ આગળ વધશે. જમીનથી આશરે ૧૦ થી ૧૫ કિલોમીટરની ઊંચાઈએ સલ્ફર ડાયોક્સાઈડ અને બારીક પથ્થરોની રજકણો વાળા વાદળો ફરી રહ્યા છે, જે એવિએશન ટર્બાઈન માટે મોટો ખતરો છે. રવિવારે સવારે ઈથોપિયાના અફાર પ્રદેશમાં આ જ્વાળામુખી ફાટ્યો હતો. ઈતિહાસમાં ક્યારેય સક્રિય ન હોવાનો રેકોર્ડ ધરાવતો આ જ્વાળામુખી અચાનક જાગી ઉઠતા સ્થાનિકો અને વૈજ્ઞાનિકો પણ ચોંકી ગયા છે. નજીકનું આફડેરા ગામ સંપૂર્ણપણે રાખના થર નીચે દટાઈ ગયું છે. જોકે, સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ સ્થાનિક પશુપાલકોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે.

# અફઘાનિસ્તાન પર પાકિસ્તાનની ફરી એરસ્ટ્રાઈક! ૯ બાળકો સહિત ૧૦ના મોત

**આ હુમલો રાત્રે ૧૨ વાગ્યે ગેરબઝવો જિલ્લામાં સ્થાનિક નિવાસી વિલાયત ખાનના ઘર પર કરવામાં આવ્યો હતો, જેના કારણે તેમનું આખું ઘર ધ્વસ્ત થઈ ગયું**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અફઘાનિસ્તાન, તા.૨૫**

અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં પાકિસ્તાની સેના દ્વારા કરાયેલી કાર્યવાહીના પરિણામે સરહદ પર તણાવ ફરી વધ્યો છે. અફઘાન તાલિબાનના પ્રવક્તા જબિહુલ્લાહ મુજાહિદે માહિતી આપી હતી કે મોડી રાત્રે પાકિસ્તાની સેનાના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૯ બાળકો અને ૧ મહિલા સહિત કુલ ૧૦ લોકોનાં મોત થયાં છે. મૃતકોમાં ૫ છોકરાઓ અને ૪ છોકરીઓનો સમાવેશ થાય છે. મુજાહિદના જણાવ્યા મુજબ, આ હુમલો રાત્રે ૧૨ વાગ્યે ગેરબઝવો જિલ્લામાં સ્થાનિક નિવાસી વિલાયત ખાનના ઘર પર કરવામાં આવ્યો હતો, જેના કારણે તેમનું આખું ઘર ધ્વસ્ત થઈ ગયું હતું.

તાલિબાની નેતા જબિહુલ્લાહ મુજાહિદે દાવો કર્યો હતો કે પાકિસ્તાની સેનાએ ખોસ્ત સિવાય કુનર અને પક્તિકા પ્રાંતોમાં પણ હવાઈ હુમલા કર્યા હતા, જેના પરિણામે ૪ નાગરિકો ઘાયલ થયા છે. આ ઘટના સાથે સંબંધિત તસવીરો પણ તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર શેર કરી હતી, જેમાં ધ્વસ્ત થયેલા ઘરનો કાટમાળ અને મૃત બાળકોના મૃતદેહો સ્પષ્ટપણે દેખાય છે.આ ઘટના અંગે પાકિસ્તાનની સેના કે વિદેશ મંત્રાલય તરફથી હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરાયું નથી. આ બૉમ્બમારો એવા સંજોગોમાં થયો છે જ્યારે એક દિવસ પહેલાં જ પાકિસ્તાનના પેશાવરમાં બે આત્મઘાતી હુમલા થયા હતા, જેમાં ત્રણ અર્ધસૈનિક કર્મચારીઓનાં મોત નીપજ્યાં હતાં. પાકિસ્તાની અધિકારીઓએ આ હુમલાઓ માટે અફઘાન સરહદની અંદર છુપાયેલા હોવાનો આરોપ મૂકાયેલા આતંકવાદી તત્વોને જવાબદાર ગણાવ્યા હતા.



છેલ્લા કેટલાક મહિનાઓમાં બંને દેશો વચ્ચેનો તણાવ સતત વધ્યો છે. ઓક્ટોબરમાં પાકિસ્તાની અને અફઘાન સૈનિકો વચ્ચે થયેલી અથડામણોમાં ડઝનબંધ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તા વાપસી પછી આ સંઘર્ષને સૌથી ગંભીર માનવામાં આવ્યો હતો. જોકે, ત્યારબાદ દોહામાં બંને પક્ષો દ્વારા યુદ્ધવિરામ (સીઝફાયર) કરાર થયો હતો, પરંતુ તૂર્કિયેમાં આયોજિત શાંતિ વાર્તા કોઈ કાયમી ઉકેલ લાવ્યા વિના સમાપ્ત થઈ ગઈ હતી.આ તણાવનું મુખ્ય કારણ પાકિસ્તાનની તે અપેક્ષા માનવામાં આવે છે, જેમાં તેણે અફઘાનિસ્તાનમાં સક્રિય પાકિસ્તાન-વિરોધી સંગઠનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.ખોસ્તમાં થયેલા આ તાજેતરના બૉમ્બમારાથી આ વિસ્તારમાં વસતા નાગરિકોની સુરક્ષા અંગે ગંભીર ચિંતા જન્મી છે. સ્થાનિક પ્રશાસને ખાતરી આપી છે કે હૉસ્પિટલમાં દાખલ ઘાયલોની હાલત સ્થિર છે, તેમ છતાં સરહદી વિસ્તારમાં તણાવ વધવાની શક્યતા હજી પણ યથાવત્ છે.

**બંદૂકધારીઓએ ભીષણ ગોળીબાર કર્યો**

# પાકિસ્તાનમાં અર્ધલશ્કરી દળના મુખ્યાલય પર બે આત્મઘાતી વિસ્ફોટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈસ્લામાબાદ, તા.૨૫**

પાકિસ્તાનના પેશાવરમાં પેરામિલિટરી ફ્રન્ટીયર કોપ્સનું મુખ્ય મથક અર્ધલશ્કરી દળોનું મુખ્ય મથક છે. સોમવારે સવારે પાકિસ્તાની અર્ધલશ્કરી દળોના આ મુખ્ય મથક પર હુમલો થયો હતો. ફ્રન્ટીયર કોર્પ્સના મુખ્ય મથક પર બે વિસ્ફોટો સંભળાયા હતા. એટલું જ નહીં બંદૂકધારીઓએ ભીષણ ગોળીબાર પણ કર્યો હતો.સોમવારે પાકિસ્તાનના પેશાવરમાં એફસી મુખ્યાલય પર થયેલા આત્મઘાતી હુમલામાં હુમલાખોર સહિત ત્રણ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં આત્મઘાતી બોમ્બર અને અન્ય એક આતંકવાદી હોવાનું માનવામાં આવે છે. આ હુમલામાં ત્રણ સુરક્ષા કર્મચારીઓ પણ માર્યા ગયા હતા. એક વિસ્ફોટ મુખ્ય દરવાજા પાસે થયો હતો, અને બીજો વિસ્ફોટ બીજા છેડે થયો હતો.અધિકારીઓએ આ વાતની પુષ્ટિ કરી છે. પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પોલીસના ઈન્સ્પેક્ટર જનરલ (આઈજી) ઝુલ્ફીકાર હમીદે જણાવ્યું હતું કે બે આત્મઘાતી વિસ્ફોટ થયા છે. એક મુખ્ય દરવાજા પર થયો હતો અને બીજો મુખ્ય મથક સંકુલમાં મોટરસાયકલ સ્ટેન્ડ પાસે. મોટરસાયકલ સ્ટેન્ડ અર્ધલશ્કરી મુખ્યાલય સંકુલમાં સ્થિત છે. હુમલાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ફૂટેજમાં સ્પષ્ટપણે મુખ્ય દરવાજા પાસે વિસ્ફોટ બાદ આગ અને ધૂમાડો દેખાય છે. ત્યારબાદ એક માણસ મુખ્ય દરવાજામાંથી પ્રવેશતો જોવા મળે છે.






# 'લાલો' ફિલ્મ હિન્દીમાં ડબ કરીને રિલીઝ કરવામાં આવશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**

ગુજરાતી બ્લોકબસ્ટર સાબિત થયેલી ફિલ્મ 'લાલો – કૃષ્ણ સદા સહાયતે'એ અત્યાર સુધીમાં લગભગ ૫૦ કરોડની કમાણી કરી લીધી છે અને હજુ પણ આ ફિલ્મ સફળતાપૂર્વક ઘણા થિએટરમાં ચાલી રહી છે. તેણે સૌથી વધુ કમાણી કરનારી કેટલીક ગુજરાતી ફિલ્મોને પણ પાછળ છોડી દીધી છે. લાલો હવે ૭૫ કરોડે પહોંચે તેવી શક્યતા છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મ પણ 'વશ'ની જેમ હવે હિન્દીમાં ડબ કરીને રિલીઝ કરવામાં આવશે.

સુત્રો અનુસાર, "આ ફિલ્મને મળેલી ઐતિહાસિક સફળતાના કારણે સમગ્ર દેશમાં તેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. તેથી નોનગુજરાતી લોકોમાં પણ આ ફિલ્મ જોવાની ઉત્સુકતા વધી છે. તેમાંથી પણ કેટલાંક લોકો આ ફિલ્મ સબટાઈટલ્સ સાથે ગુજરાતીમાં જોઈ ચુક્યા છે. તેથી તેમને હિન્દીમાં ડબ થયેલી ફિલ્મ જોવાનું મન થયું છે. તેથી આ ફિલ્મ હવે હિન્દીમાં ડબ થઈ રહી છે. તેનું કામ ચાલુ છે અને પૂરું થવાની તૈયારીમાં છે. જો સમયસર સેન્સર બોર્ડ તરફથી હિન્દી ફિલ્મને સર્ટિફિકેટ મળી જાય તો મેકર્સ ૨૮ નવેમ્બર, શુક્રવારે રિલીઝ થઈ જશે. છતાં એક વખત સેન્સરની મંજુરી મળે પછી ફિલ્મની ટીમ આ અંગે મોટાપાયે જાહેરાત કરશે."

જો 'લાલો-કૃષ્ણ સદા સહાયતે'ની બોક્સ ઓફિસ પર સફરની વાત કરવામાં આવે તો, ફિલ્મ રિલીઝ તો દિવાળી પહેલાં થઈ હતી અને ૧ અઠવાડિયામાં માત્ર ૩૬ લાખ જ કમાઈ હતી. બીજા અઠવાડિયે તેનાથી પણ ઓછા ૨૮ લાખ મળી શક્યા હતા. પરંતુ ત્રીજા અઠવાડિયાથી કમાલ શરૂ થઈ અને ૭૦ લાખનો કૂદકો માર્યા પછી ચોથા અઠવાડિયે ૧૪ કરોડની કમાણી કરી અને પછી દર દિવસે તેની કમાણી વધતી રહી છે. છ અઠવાડિયા પછી આ ફિલ્મ ૭૧ કરોડે પહોંચી જશે એવી આશા છે.

# રોનિત રોયે અચોક્કસ મુદત માટે સોશિયલ મીડિયા છોડયું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**

એક્ટર રોનિત રોયે સોશિયલ મીડિયા છોડવાની જાહેરાત કરી છે. તેણે જણાવ્યું છે કે, પોતે જિંદગીમાં કેટલાંક પરિવર્તનો કરી રહ્યો છે અને તેના ભાગ રૂપે તે સોશિયલ મીડિયા છોડી રહ્યો છે. તેણે માનસિક અને આધ્યાત્મિક સ્તરે ઉન્નતિ બાદ પોતે ફરી આ પ્લેટફોર્મ પર પાછો ફરશે તેવી ચાહકોને ખાતરી પણ આપી છે.

રોનિત રોયના ઈન્સ્ટાગ્રામ પર દસ લાખ ફોલોઅર્સ છે. તે સોશિયલ મીડિયા પર અતિશય સક્રિય રહેતો હતો અને નિયમિત અપડેટ્સ શેર કરતો હતો. રોનિત બહુ ઓછી સેલિબ્રિટીઓમાંનો એક હતો જે સોશિયલ મીડિયા પર ચાહકોને મેસેજના જવાબ પણ આપતો હતો. જોકે, રોનિતે સોશિયલ મીડિયા છોડવા માટે કોઈ એક નક્કર કારણ જણાવ્યું નથી. પરંતુ, તેણે એક લાંબી ભાવનાત્મક પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી છે. તેણે આ પોસ્ટમાં કોમેન્ટસ પણ બંધ કરી દીધી છે.

# તૃપ્તિ ડિમરીએ સ્પિરિટનું મુહૂર્ત સાચવ્યું, પ્રભાસ ગેરહાજર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**

સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ'નું શૂટિંગ આખરે શરૂ થયું છે. ફિલ્મની ટીમે મુહૂર્ત ક્લેપની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. રસપ્રદ વાત એ છે કે મુહૂર્ત શોટમાં ફક્ત તૃપ્તિ ડિમરી જ હાજર રહી હતી. ફિલ્મનો હિરો પ્રભાસ મુહૂર્ત ટાણે જ ગાયબ રહ્યો હતો. તેની સાથે પ્રકાશ રાજ સહિતના કલાકારો પણ મુહૂર્તમાં દેખાયા ન હતા.

પીઢ અભિનેતા ચિરંજીએ મુહૂર્ત ક્લેપ આપી હતી. સોશિયલ મીડિયા પર મુહૂર્તની તસવીરો જોઈ ચાહકોએ પ્રભાસ કેમ ગેરહાજર છે તેવા સવાલોનો મારો ચલાવ્યો હતો. સંદિપ રેડ્ડી વાંગાએ આ ફિલ્મની જાહેરાત મહિનાઓ પહેલાં કરી હતી. ત્યારે પ્રભાસ સાથે દીપિકા પદુકોણને હિરોઈન તરીકે કાસ્ટ કરવામાં આવી હતી. પરંતુ, દીપિકાએ વધારે ફી માગતાં તથા પોતે આઠ કલાકથી વધારે કામ નહિ કરે તેવી શરતો મૂકતાં આખરે ફિલ્મમાંથી તેની વિદાય થઈ હતી. દીપિકાને સ્થાને તૃપ્તિ ડિમરીને રિપ્લેસ કરવામાં આવી હતી. ફિલ્મ ૨૦૨૬માં રીલિઝ થવાની ધારણા છે. ફિલ્મમાં પ્રભાસ એક પોલીસ અધિકારીની ભૂમિકામાં હશે તેમ કહેવાય છે.

**ટીઝરની શરૂઆત કાર્તિક આર્યનના પરિચયથી થાય છે**

# તુ મેરી મેં તેરા, મેં તેરા તુ મેરી'ના ટીઝરને માત્ર ૨૪ કલાકમાં ૭૦,૦૦૦,૦૦૦ વ્યૂઝ મળ્યા




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**

બોલિવૂડ અભિનેતા કાર્તિક આર્યન અને અનન્યા પાંડે અભિનીત તુ મેરી મેં તેરા, મેં તેરા તુ મેરી ફિલ્મની ચાહકો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. આ ટીઝર તાજેતરમાં અભિનેતાના ૩૫મા જન્મદિવસ પર રિલીઝ કરવામાં આવ્યું હતું. ૧ મિનિટ ૩૪ સેકન્ડના ટીઝરમાં કાર્તિક અને અનન્યા વચ્ચેની અદ્ભુત કેમિસ્ટ્રી દર્શાવવામાં આવી છે, જેને ફક્ત આપણે જ નહીં પરંતુ તેમના ચાહકો પણ પસંદ કરી રહ્યા છે.

ધર્મા પ્રોડક્શનની આ રોમેન્ટિક ફિલ્મના ટીઝરને લોકો તરફથી અપાર પ્રેમ મળી રહ્યો છે, જેના કારણે તે માત્ર ૨૪ કલાકમાં દસ લાખ વ્યૂઝને વટાવી ગઈ છે. હકીકતમાં, ટીઝર રિલીઝ થયા પછી, ધર્મા પ્રોડક્શન્સે સોશિયલ મીડિયા પર એક ક્લિપ શેર કરી, જેમાં જાહેરાત કરવામાં આવી કે ફિલ્મનું ટીઝર ઓનલાઈન ૭૦ મિલિયન વ્યૂઝને વટાવી ગયું છે.

ટીમે લખ્યું, "૨૦૨૫નો અંત આવી રહ્યો છે, પણ તમારો પ્રેમ હજુ સમાપ્ત થયો નથી. બધા પ્લેટફોર્મ પર રોમેન્ટિક કોમેડી માટે સૌથી વધુ જોવાયેલ ટીઝર બનાવવા બદલ આભાર... આ ક્રિસમસ પર મળીશું.

ટીઝરની શરૂઆત કાર્તિક આર્યનના પરિચયથી થાય છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કોઈ પણ છોકરી તેના જેવા છોકરાને જવા દેશે નહીં. અનન્યા પાંડે, તેના શબ્દોમાં, કહે છે કે તે ૨૦૨૫ ના હૂક-અપ યુગમાં ૯૦ ના દાયકાની પ્રેમકથા શોધી રહી છે. આ રીતે બંને મળે છે. આ પછી, કોમેડી અને રોમાંસનો સ્પર્શ થાય છે. રોમેન્ટિક અને કોમેડીથી ભરપૂર ફિલ્મ 'તુ મેરી મેં તેરા, મેં તેરા તુ મેરી' ૨૫ ડિસેમ્બરે નાતાલના અવસરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# ૨૩ વર્ષ ડેટિંગ કર્યા પછી, આલેશા અને સંદીપે અચાનક લગ્ન કરી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**

ટીવી સિરિયલ "ક્યુંકી સાસ ભી કભી બહુ થી"માં અભિનય કરનારી અભિનેત્રીએ ૨૩ વર્ષ ડેટિંગ કર્યા પછી આખરે લગ્ન કરી લીધા છે. ૧૬ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ વૃંદાવનના ચંદ્રોદય મંદિરમાં આ દંપતીએ સાત પ્રતિજ્ઞાઓ લીધી. લગ્ન ખૂબ જ ખાનગી રાખવામાં આવ્યા હતા, જેમાં ફક્ત પરિવાર અને થોડા નજીકના મિત્રો હાજર રહ્યા હતા. આ દંપતી ૨૩ વર્ષથી સાથે હતું. અનેક ઈન્ટરવ્યુમાં આ દંપતીએ કહ્યું હતું કે, તેમને લગ્ન કરવાની કોઈ ઈચ્છા નથી. તેઓ હંમેશા સાથે રહેવા માંગતા હતા. પરંતુ પછી, મંદિર અને ભગવાનમાં તેમની શ્રદ્ધાએ તેમનો વિચાર બદલી નાખ્યો. આશ્લેષા ૪૪ વર્ષની છે અને સંદીપ ૨૭ વર્ષનો છે. આટલા વર્ષો સાથે રહ્યા પછી, આખરે તેઓએ લગ્ન કર્યા.

આ દંપતીએ લગ્નના ફોટા શેર કરીને ચાહકોને આશ્ચર્યચકિત કર્યા. સંદીપે કહ્યું, "અશ્લેષા અને મેં એપ્રિલમાં વૃંદાવનની મુલાકાત લીધી હતી અને ત્યાંના રાધાકૃષ્ણ મંદિરો સાથે ઊંડો જોડાણ અનુભવ્યો હતો. તે યાત્રાએ અમને ૨૩ વર્ષ સાથે રહ્યા પછી લગ્ન કરવાની પ્રેરણા આપી. અમારા માતા-પિતા સૌથી ખુશ છે. તેઓ લાંબા સમયથી આની રાહ જોઈ રહ્યા હતા. અમે તેને સરળ રાખવા માંગતા હતા, અને ભગવાન કૃષ્ણ મંદિરમાં લગ્ન કરવા કરતાં વધુ સારું શું હોઈ શકે.

વધુમાં, અભિનેત્રી અશ્લેષાએ કહ્યું કે, તેણી તેના જીવનના પ્રેમ સાથે લગ્ન કરીને ખૂબ જ ખુશ છે. તેણીએ કહ્યું, "વૃંદાવન એક સંપૂર્ણ સ્થળ હતું. જ્યારે અમે મુલાકાત લીધી, ત્યારે અમને એક ઊંડો જોડાણ અનુભવાયું. તે એક સ્વયંભૂ નિર્ણય હતો, અને અમે તેને ફક્ત અમારા પરિવારો સાથે ખાનગી રાખવાનું નક્કી કર્યું." સંદીપે એમ પણ કહ્યું કે, તે અને અશ્લેષા આટલા વર્ષો સાથે રહ્યા છતાં શા માટે લગ્ન ન કર્યા તે અંગેના પ્રશ્નોના જવાબ આપીને કંટાળી ગયા હતા. તેમણે કહ્યું, "મારા હૃદયમાં, અશ્લેષા અને હું હંમેશા પરિણીત હતા. મને કંઈ અલગ લાગતું નથી."

કામની વાત કરીએ તો, આશ્લેષા હાલમાં ટીવી શો ઝનકમાં જોવા મળે છે.



અભિનેત્રી "ક્યુંકી સાસ ભી કભી બહુ થી", "અનુપમા" અને અન્ય ઘણા લોકપ્રિય ટીવી શોમાં જોવા મળી છે. સંદીપ છેલ્લે એપોલોનામાં જોવા મળ્યો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવસારીને રૂા.૪૭૫.૦૮ કરોડના જનહિતલક્ષી વિકાસ કામોની આપી ભેટ

## જેટિંગ-સક્શન મશીનો, ટિપર્સ, ઈ-વ્હિકલ્સ તથા જાહેર પરિવહનની ૧૨ બસોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું





-તસવીરઃ દિપક સોલંકી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી(વંકાલ), તા.૨૫

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે નવસારી જિલ્લાના રૂા. ૯૩.૯૩ કરોડના ૧૨ કામોનું લોકાર્પણ અને રૂા. ૩૮૧.૧૫ કરોડના ૨૬ કામોના ખાતમુહૂર્ત મળી મહાનગરપાલિકા તથા જિલ્લામાં રૂા. ૪૭૫.૦૮ કરોડના ૩૮ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું હતું.

ટાઉન હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લાના વિવિધ વિભાગોના કુલ રૂા.૪૭૫ કરોડથી વધુના ૩૮ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યો નવસારીના સર્વાંગી વિકાસની દિશામાં એક મજબૂત પગલું છે. ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં ઉત્તમ કાર્યો થઈ રહ્યા છે એમ જણાવી આજની હિંદુ તિથી અનુસાર આજનો વિવાહપંચમીના શુભ દિવસ નવસારી જિલ્લા માટે વિકાસપંચમીનો દિવસ સાબિત થયો છે એમ ઉમેર્યું હતું. ભગવાન રામ અને સીતાના વિવાહ પંચમીના શુભ અવસરે આજે અયોધ્યામાં વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં શ્રી રામ મંદિર પર ધ્વજારોહણ થયું હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

નવસારી મહાનગરપાલિકાએ ટૂંકા સમયમાં જ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પ્રદર્શન કરી ગૌરવ મેળવ્યું છે તેમ જણાવી રાષ્ટ્રીય સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૩-૨૪માં નવનિર્મિત મહાનગરપાલિકાએ દેશમાં ૪૧મું સ્થાન અને ગુજરાતમાં ૧૦મો ક્રમાંક હાંસલ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

નવસારી જિલ્લાએ જળ સંચય જન ભાગીદારી અભિયાન અન્વયે પણ કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર - ૨૦૨૫'માં વેસ્ટર્ન ઝોનમાં નવસારી જિલ્લાએ સાતમું સ્થાન પ્રાપ્ત કરી કેન્દ્રીય યોજનાઓના અમલીકરણમાં પણ અગ્રસ્થાન મેળવી રાજ્યમાં ગૌરવ વધાર્યું છે તેમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વરસાદના ટીપે ટીપા બચાવવા અને ભવિષ્ય માટે સંગ્રહિત કરવાના ઉમદા અભિયાન 'કેચ ધ રેઈન'માં પણ નવસારી જિલ્લાએ ખુબ ઉત્તમ કાર્ય કર્યું છે. જે બદલ તંત્રની પ્રતિબદ્ધતા, કર્મચારીઓનું સમર્પણ અને નવસારીવાસીઓનો સક્રિય સહકારને બિરદાવ્યા હતા.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે પી.પી.પી. મોડેલ પર રાજ્યમાં તૈયાર થતા બસપોર્ટોમાં સંપૂર્ણ આધુનિક માપદંડો અપનાવ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય નાગરિકોને એરપોર્ટ જેવી સુવિધાઓ સાથેના બસપોર્ટ આપવાનો આપેલો નવતર વિચાર અને વિઝન અમે રાજ્યના બસમથકોનો કાયાકલ્પ કરીને સાકાર કર્યું છે. અત્યાર સુધી રાજ્યમાં આવા ૧૨ બસપોર્ટનું નિર્માણ પૂર્ણ થયા છે ત્યારે આજે નવસારી જિલ્લાનું બસપોર્ટ ૧૩મુ અધ્યતન સુવિધાયુક્ત બસપોર્ટ છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આ સુવિધાસભર બસપોર્ટોના નિર્માણથી રાજ્ય પ્રવાસ માટે આરામદાયક, સુરક્ષિત અને સુગમ બન્યું છે. વેપારીઓ માટે નવી તકો, યુવાનો અને બહેનોને રોજગારી તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સરળ અવરજવર જેવી સુવિધાઓ મેળવી-ગુજરાત આજે એક પ્રગતિશીલ ટ્રાવેલ હબ તરીકે ઊભરી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, નવસારી નગરપાલિકા હતી ત્યારે ૧૫૦ કરોડનું બજેટ હતું હાલમાં મહાનગરપાલિકા બનવાથી રૂા. ૮૫૦ કરોડનું બજેટ થયું છે. જેનાથી કામોની ગુણવત્તાની સાથે સુદૃઢ કામો સાકારિત થશે. છેલ્લા ચાર દિવસમાં રાજકોટ અને ભૂજ જિલ્લાને રૂા.૧૮૪૬ કરોડના વિકાસકામોની ભેટ મળી છે. નવસારી જિલ્લાના રૂા.૪૭૫ મળી કુલ ૨૩૨૦ કરોડના વિકાસ પ્રકલ્પો પ્રજાહિતના વિકાસ કાર્યોની ભેટ મળી રહી છે. રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં નવસારીને આશરે ૩૦૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપી છે. નવસારી નગરનો વિકાસ આગળ વધી રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય અને કેન્દ્ર સરકાર શહેરીકરણને તકના સ્વરૂપમાં સ્વીકારીને વર્ષ ૨૦૪૭ સુધીમાં હોલિસ્ટિક ડેવલપમેન્ટ માટે શહેરો આર્થિક ગતિવિધિના કેન્દ્રો બને એ માટે સુરત રિજિયનનો ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે એમ જણાવી સુરત જિલ્લો અને આસપાસના નવસારી, વલસાડ, ડાંગ, તાપી અને ભરૂચ એમ કુલ છ જિલ્લાઓને ઝડપભેર વિકાસની તકો પ્રાપ્ત થશે તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોજગારી અને સર્વાંગી વિકાસનો માર્ગ ખૂલશે એમ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઇ દેસાઈએ જણાવ્યું હતું કે, નવસારી જિલ્લાના વિવિધ વિભાગો વિકાસકાર્યોના પરિણામે નવસારી જિલ્લાને નવી દિશા અને નવા દ્વાર ખોલશે. તેમણે આજના દિવસને નવસારી જિલ્લાના સર્વાંગી વિકાસયાત્રામાં એક મહત્વપૂર્ણ દિવસ ગણાવ્યો હતો. મંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ તમામ જિલ્લાઓમાં શહેરી વિકાસને લગતા અનેકવિધ કામો પ્રગતિ હેઠળ છે એમ જણાવી નવસારી જિલ્લાના મહાનગરપાલીકાના આજના કામો તેનું ઉત્તમ ઉદાહરણ છે એમ ઉમેર્યું હતું.

આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, નવસારી મહાનગરપાલીકા બન્યા પછી તેની તાસીર બદલાઈ છે. જિલ્લામાં દરેક કામોમાં ગુણવત્તાયુક્ત કામો સાથે પરિપૂર્ણ થાય છે જેનુ જિવંત ઉદાહરણ ટાઉન હોલ છે એમ જણાવ્યું હતું. તેમણે આજના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત થયેલા વિકાસના કામો માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં પરંતુ નાગરિકોના સર્વાંગી કલ્યાણનું પ્રતિબિંબ છે એમ વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહાનુભાવોની ઉપસ્થિતિમાં રૂ.૫.૪૧ કરોડના ખર્ચે જેટિંગ-સક્શન મશીનો, ટિપર્સ, ઈ-વ્હિકલ્સ તથા જાહેર પરિવહનની ૧૨ બસોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

## નારગોલ ગામે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોટર સ્પોર્ટ્સની ટીમ દ્વારા બીચ સર્વે હાથ ધરાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૨૫

નારગોલ ગામના પ્રખ્યાત નારગોલ બીચ પર નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોટર સ્પોર્ટ્સ (NIWS) દ્વારા વિશેષ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વેનો મુખ્ય ઉદ્દેશ બીચના પર્યાવરણ, ટુરિઝમ સવલતો અને જળક્રીડાના વિકાસ માટે જરૂરી તથ્યો એકત્રિત કરવાનો હતો.



સર્વે દરમિયાન NIWS ટીમે બીચના પર્યાવરણ, દરિયાકાંઠાની સ્થિતિ અને પર્યટકો માટેની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે જ દરિયાકાંઠા પર ઉપલબ્ધ જળક્રીડાના સંભવિત વિકલ્પો અને પર્યાવરણને અનુકૂળ ટુરિઝમ માટેની શક્યતાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોટર સ્પોર્ટ્સની ટીમ સાથે સરપંચ સ્વીટી યતીન ભંડારી આ સર્વે દરમિયાન હાજર રહ્યાં હતાં. સરપંચે જણાવ્યું હતું કે, નારગોલ બીચનું સંવર્ધન અને વિકાસ ગામના પર્યટન અને આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોટર સ્પોર્ટ્સ દ્વારા હાથ ધરાયેલા આ સર્વેના પરિણામો ગામ માટે આવનારા દિવસોમાં પ્રવાસન વિકાસમાં નવી તકો ઊભી કરશે. જેના કારણે સ્થાનિક પ્રજાની આજીવિકાની ભવ્ય તકો પ્રસ્થાપિત થશે. આ સર્વેના પરિણામોના આધારે આગામી દિવસોમાં નારગોલ બીચને વધુ પ્રેરક અને પર્યાવરણમિત્ર સ્થળ બનાવવા માટેની યોજનાઓ ઘડવામાં આવશે.

## વલસાડ જિલ્લામાં મતદાર સુધારણા કામગીરી તેજ ગતિમાંઃ જિલ્લામાં ધરમપુર અને કપરાડા સૌથી આગળ





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૫

વલસાડ જિલ્લામાં હાલમાં મતદાર યાદી સુધારણા (એસ.આઈ.આર.) જિલ્લાની તમામ ૫ વિધાનસભા મત વિસ્તારમાં તેજ ગતિમાં ચાલી રહી છે. બી.એલ.ઓ. સક્રિયતાથી બુથો ઉપર સેંકડોની સંખ્યામાં જોતરાયા છે. આ કામગીરીમાં જિલ્લાના સૌથી સારી કામગીરી ધરમપુર-કપરાડા વિસ્તારમાં પ્રગતિમાં છે. બન્ને વિસ્તારોમાં ૫૫ થી ૬૦ ટકા કામગીરી થઈ ચૂકી છે. આ બન્ને વિસ્તારો જિલ્લામાં સૌથી આગળ ચાલી રહ્યા છે. વલસાડ જિલ્લામાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા કામગીરીમાં ધરમપુર, કપરાડા વિસ્તારની કામગીરી સૌથી આગળ ચાલી રહી છે તેનું કારણ છે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી અને અરવિંદ પટેલ સાથે ભાજપ કાર્યકરોની ટીમ સક્રિયતાથી ખડે પગે કામગીરીમાં રસ દાખવી મતદારોને માર્ગદર્શન આપી રહ્યા છે.



ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે DGP'S Commendation Disc -2024 અલંકરણ સમારોહની ઉજવણી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં કરવામાં આવી. જેમાં ૧૧૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને વિશિષ્ટ સિદ્ધિ બદલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૧ ડિસેમ્બરે પરીક્ષા લેવાશે

## ધોરણ-૧થી ૫માં શિક્ષક બનવા રાજ્યના ૧.૦૧ લાખ વિદ્યાર્થી નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૫

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ધો.૧થી ૫માં શિક્ષક બનવા માટે લેવાનારી શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-૧) માટે રાજ્યભરમાંથી ૧.૦૧ લાખ વિદ્યાર્થી નોંધાયા છે. છેલ્લે વર્ષ-૨૦૨૩માં લેવાયેલી પરીક્ષામાં ૮૭ હજાર વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યાં હતા. આ વખતે ૨૧ ડિસેમ્બરે યોજાનારી પરીક્ષા માટે ૧૪ હજાર જેટલાનો વધારો થયો છે. બીજી તરફ, પીટીસીના બીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પરીક્ષા માટે લાયક ગણતાં નવા ૫૦૧૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-૧) માટે ૧૪ ઓક્ટોબરે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા માટે ૨૯ ઓક્ટોબરથી ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેની મુદત ૧૨ નવેમ્બર સુધી આપવામાં આવી હતી. આમ, ૧૨ નવેમ્બરની મુદત સુધીમાં મોટાભાગના ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા હતા. આ પરીક્ષા માટે PTCનો અભ્યાસ પૂર્ણ કરી ચૂક્યા હોય એવા વિદ્યાર્થીઓ જ ફોર્મ ભરી શકે એવી સૂચના જાહેરનામામાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેના પગલે PTCના બીજા વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોએ પરીક્ષા આપવા અંગે રાજ્ય પરીક્ષા બોર્ડમાં રજૂઆત કરાઈ હતી.ઉમેદવારોની રજૂઆતના પગલે શિક્ષણ વિભાગે બીજા વર્ષના વિદ્યાર્થીઓને પણ લાયક ગણવાનો નિર્ણય કરતાં ફોર્મ ભરવાની મુદત લંબાવી ૨૧ નવેમ્બર કરવામાં આવી હતી. આ દરમિયાન કુલ ૫૦૧૫ નવા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. બીજા વર્ષમાં અભ્યાસ કરતાં જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, એમાં સૌથી વધુ ગુજરાતી માધ્યમના ૪૭૯૮ વિદ્યાર્થી, હિન્દી માધ્યમના ૯૨ અને અંગ્રેજી માધ્યમના ૧૨૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ સાથે ટેટ-૧ની પરીક્ષા માટે ૧૦૧૫૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે.


## જાહેર હરાજી

આથી જાહેર કરવામાં આવે છે કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડની કપરાડા તાલુકાની દિવસી પ્રાથમિક શાળાને બાંધકામ વિભાગ દ્વારા મળેલી મંજુરી અન્વયે જર્જરતા થયેલ નળિયાવાળા ત્રણ (૩) ઓરડાઓની જાહેર હરાજી તા. ૦૨/૧૨/૨૦૨૫ ને મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે શાળાના મેદાનમાં શરુ કરવામાં આવશે. તો જે વ્યક્તિઓએ હરાજીમાં ભાગ લેવો હોય તેમણે જે તે સમયે અને સ્થળે હાજર રહેવા આમંત્રણ છે. હરાજીની શરતો હરાજીનો સ્થળ પર હરાજી શરુ થતાં પહેલા વાંચી સંભળાવવામાં આવશે.

હરાજીનાં ડિપોઝીટ પેટે રુપિયા ૫૦૦૦/ (પાંચ હજાર ) પુરા ભરવાના રહેશે.

સરનામું : પ્રાથમિક શાળા દિવસી તા કપરાડા જી.વલસાડ
ગામ : દિવસી સમય : ૧૦:૩૦ કલાકે

સહિ/-
મુખ્ય શિક્ષક
પ્રાથમિક શાળા દિવસી
તા. કપરાડા, જિ.વલસાડ.



**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી,**
મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ
નં. એમએજી/જન્મ/કેસ નં.૧૩૩૬/૨૦૨૫ તા.૧૦/૦૯/૨૦૨૫

**જાહેર નોટિસ**

વાદીઃ શ્રી મધુભાઈ માહદુભાઈ ચવધરી, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી મધુભાઈ ચવધરીના પુત્રી દિપાલીબેન મધુભાઈ ચવધરીનું જન્મ તા.૧૮-૦૨-૨૦૦૫ના રોજ મોજે. વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૧૦-૦૯-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
કપરાડા



**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી,**
મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ
નં. એમએજી/જન્મ/કેસ નં.૧૩૪૫/૨૦૨૫ તા.૧૦/૦૯/૨૦૨૫

**જાહેર નોટિસ**

વાદીઃ શ્રી ધોડી રઘુભાઈ ભીવાભાઈ, રહે.વડોલી, તા.કપરાડા, જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, વડોલી

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી ધોડી રઘુભાઈ ભીવાભાઈના પુત્ર ધોડી ચેંદરભાઈ રઘુભાઈનું જન્મ તા.૦૧-૦૬-૧૯૬૭ ના રોજ મોજે. વડોલી, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૧૦-૦૯-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
કપરાડા



**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી,**
મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ
નં. એમએજી/જન્મ/કેસ નં.૧૩૧૩/૨૦૨૫ તા.૧૩/૧૧/૨૦૨૫

**જાહેર નોટિસ**

વાદીઃ શ્રી હીરાભાઈ લક્ષ્મણભાઈ પાગી, રહે. મુળગામ ફળિયા, આસલોણા, તા.કપરાડ, જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, આસલોણા

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી હીરાભાઈ લક્ષ્મણભાઈ પાગીના પુત્ર મયુરભાઈ હીરાભાઈ પાગીનું જન્મ તા.૧૩-૧૧-૨૦૧૧ના રોજ મોજે. આસલોણા, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૧૩-૧૧-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
કપરાડા



**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી,**
મુ.પો. કપરાડા, તા.કપરાડા, જી.વલસાડ
નં. એમએજી/જન્મ/કેસ નં.૧૩૧૩-A/૨૦૨૫ તા.૧૦/૦૯/૨૦૨૫

**જાહેર નોટિસ**

વાદીઃ શ્રી હીરાભાઈ લક્ષ્મણભાઈ પાગી, રહે. આસલોણા, તા.કપરાડ, જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદીઃ તલાટી કમ મંત્રીશ્રી, આસલોણા

વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતાં-વળગતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં **અરજદારશ્રી હીરાભાઈ લક્ષ્મણભાઈ પાગીના પુત્ર અવિનાશભાઈ હીરાભાઈ પાગીનું જન્મ તા.૦૭-૧૧-૨૦૧૩ના રોજ મોજે. આસલોણા, તા.કપરાડા** ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૧૦-૦૯-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ,
કપરાડા


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

સવારની ચા સાથે તો માત્ર

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ




# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે નવસારીમાં રાજ્યના ૧૩મા અદ્યતન બસ પોર્ટનું લોકાર્પણ કરાયું

**રૂ.૮૨ કરોડના ખર્ચે ૫૦૨૫ ચોરસ મીટરમાં નવનિર્મિત અદ્યતન બસપોર્ટના લોકાર્પણમાં નાણા મંત્રી કનુભાઈ દેસાઈ અને વાહનવ્યવહાર રાજ્ય મંત્રી પ્રવિણ માળીની રહેલી પ્રેરક ઉપસ્થિતિ**







-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૨૫**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવસારીમાં રૂ.૮૨ કરોડના ખર્ચે ૫૦૨૫ ચોરસ મીટરમાં નવનિર્મિત અદ્યતન સુવિધાઓ સાથેના બસપોર્ટનું લોકાર્પણ નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને વાહનવ્યવહાર રાજ્ય મંત્રી પ્રવિણ માળીની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

ટાઉન હોલ ખાતે આયોજિત કાર્યક્રમ પ્રસંગે મુખ્યમંત્રી જણાવ્યું હતું કે, ‘‘વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકોની સુવિધા સુખાકારી માટે આપેલી ઈઝ ઓફ લિવિંગની સંકલ્પના તથા સર્વગ્રાહી વિકાસને સાર્થક કરશે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, નવસારીમાં આજે રાજ્યનું ૧૩મું બસ પોર્ટ લોકાર્પિત થયું છે અને એરપોર્ટ જેવા સુવિધાયુક્ત કુલ ૧૫ બસ પોર્ટ નિર્માણ કરવાનું લક્ષ્ય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય નાગરિકોને એરપોર્ટ જેવી સુવિધાઓ સાથેના બસપોર્ટ આપવાનો આપેલો નવતર વિચાર અને વિઝન અમે રાજ્યના બસમથકોનો કાયાકલ્પ કરીને સાકાર કર્યું છે.’’

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યમાં નિર્માણ થતાં બસ મથકોને વડાપ્રધાનશ્રીના વિઝન અનુરૂપ સુવિધાઓ સાથે બસપોર્ટ તરીકે વિકસાવવાનો અભિગમ અપનાવીને પી.પી.પી. ધોરણે નિર્માણ પામેલા આ બસપોર્ટમાં મુસાફરોની સુગમતા માટે ડિલક્ષ વેઈટીંગ રૂમ, આર.ઓ. પાણીની વ્યવસ્થા, ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, રીફ્રેશમેન્ટ માટે કેન્ટીન, દિવ્યાંગજનો માટે વ્હિલચેરની સુવિધા અને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ છે. અત્યાર સુધીમાં રાજ્યમાં આવા ૧૨ બસપોર્ટનું નિર્માણ થયું છે. એટલું જ નહી, મોટા શહેરોના બસપોર્ટમાં મુવી થિએટર, બેન્કવેટ હોલ અને શોપીંગ મોલની સુવિધા પણ ઊભી કરાઈ છે.

આ પ્રસંગે નાણાં અને શહેરી વિકાસ મંત્રી તથા નવસારી જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી પ્રવિણભાઈ માળી, વલસાડના સાંસદશ્રી ધવલ પટેલ તથા ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીના દિશદર્શનમાં સુવિધાસભર બસપોર્ટ નિર્માણને પરિણામે રાજ્યમાં પ્રવાસીઓ માટે આરામદાયક અનુભવ, વેપારીઓ માટે નવી તકો અને યુવાનો, બહેનોને રોજગારી અને કારકિર્દી માટે તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અવર જવરની અસરકારક જાહેર પરિવહન સુવિધાઓ પૂરી પાડીને ગુજરાત એક મહત્વનું ટ્રાવેલસ હબ બન્યું છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળવા પહોંચ્યા ૯૦ વર્ષીય દાદીમા





નવસારી ટાઉનહોલ ખાતેના કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળવા એક ૯૦ વર્ષીય દાદીમા પહોંચ્યા હતા. વરિષ્ઠ બા સ્ટેજ પર આવવાનો પ્રયાસ કરતા હોવાથી મુખ્યમંત્રીશ્રીએ પોતે સ્ટેજની નીચે આવી બાને મળવા આવ્યા હતા. નવસારી જિલ્લાના વેજલપુર વિસ્તારના ૯૦ વર્ષીય હીરાબેન મધુકાન્તભાઈ દરજી પ્રત્યે મુખ્યમંત્રીશ્રીએ સંવેદના વ્યક્ત કરી હતી. હીરાબાએ મુખ્યમંત્રીશ્રીને હર્ષભેર આશીર્વાદ આપ્યા હતા.

## ઉમરગામની ચંદન સ્ટીલ કંપનીની પબ્લિક હિયરીંગમાં સ્થાનિકોનું જોવા મળેલું હકારાત્મક વલણ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૨૫**

આજરોજ ઉમરગામ શહેર બારીયા સમાજ હોલ ખાતે ચંદન સ્ટીલ લિમિટેડ એકમ-૧ માટેના સેકન્ડરી મેટલર્જિકલ સ્ટેનલેસ સ્ટીલ બિલેટ્સ પ્લાન્ટના ઉત્પાદનના વિસ્તરણ પ્રસ્તાવના સંદર્ભમાં જીપીસીબી દ્વારા પબ્લિક હિયરીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી નિરવ પટેલના અધ્યક્ષતા હેઠળ આયોજિત પબ્લિક હિયરિંગમાં ઉત્પાદનની ક્ષમતા ૬૦,૦૦૦ ટીપીએ થી ૭૨,૦૦૦ ટીપીએ કરવાના પ્રસ્તાવ માટે સૂચનો અને અભિપ્રાય રજૂ કરવામાં આવ્યા હતા.

આજની પબ્લિક હિયરીંગમાં ઉપસ્થિત આગેવાનો અને ગ્રામજનોનો કંપનીની પક્ષમાં હકારાત્મક વલણ હોવાનું સામે આવ્યું હતું. આગેવાન ઉદ્યોગપતિશ્રી ઈશ્વરભાઈ બારી અને નારગોલ ગામના માજી સરપંચ શ્રી યતીનભાઈ ભંડારીએ હવા પ્રદૂષણ અને જમીનની ફળદ્રુપતા ઉપર વિપરીત અસર ન પડે એની તકેદારી તેમજ ખેડૂતો અને માછીમાર ભાઈઓને નુકસાન સહન ન કરવું પડે એની કાળજી રાખવા જણાવ્યું હતું તદુપરાંત કંપનીએ સીએસઆર અંતર્ગત નજીકના ભૂતકાળમાં કરેલી કામગીરીની નોંધ લેવામાં આવી હતી અને ભવિષ્યમાં વધુ સહયોગ આપે એવી અપેક્ષા કરવામાં આવી હતી. જોકે એના પ્રત્યુતરમાં કંપનીના સંચાલકશ્રી ગૌરીશંકરજી દ્વારા અપેક્ષા મુજબ કામગીરી કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. કંપની સામે નીતિવિષયક કે સિદ્ધાંતિક વિરોધ સામે ન આવતા ટૂંકા સમય ગાળામાં સરળ રીતે હિયરિંગની પ્રક્રિયા પૂર્ણ થવા પામી હતી. આજના કાર્યક્રમનું સફળ સંચાલન ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સરીગામ કચેરીના પ્રાદેશિક અધિકારી શ્રી બી.એન. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધરમપુર ચાર રસ્તા પાસેથી મુખ્યમંત્રી કાર્યક્રમ પૂર્વે લારી-ગલ્લા, દુકાનો હટાવાઈ







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૫**

ધરમપુરમાં તા.૨૭મી નવેમ્બરે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવી રહ્યા છે ત્યારે વહિવટી તંત્ર પુરા એકશનમાં આવી ગયું છે. ધરમપુર ચાર રસ્તા પાસેના લારી ગલ્લાના દુકાનો તાત્કાલિક ધોરણે સિસ્ટમે હટાવી દઈને ધરમપુર સ્વચ્છ નિર્મળ હોવાનો દેખાડો રજૂ કરી દેવાયો છે.

ધરમપુરમાં મુખ્યમંત્રીના કાર્યક્રમ અંતર્ગત ચાર રસ્તા ઉપરના લારી ગલ્લા દુકાનો સિસ્ટમે હટાવી દેખાડો રજૂ કરવાની કવાયત કરી છે. જો લારી ગલ્લા દુકાનો નડતરરૂપ હતા, માનો કે ગેરકાયદે હતા તો પહેલા ક્યાં હતી સિસ્ટમ, ડેવલપ જ કેમ થવા દીધા? મુખ્યમંત્રી સામે શહેરની છબી સુધારવાની ગુસ્તાખી સિસ્ટમે કરી છે. નાહકના ગરીબ પરિવારોના ચુલા સળગતા બંધ કરાવી દીધા જેવું છે તેવું ધરમપુર દેખાડો ને!! વી.વી.આઈ.પી.ની મુલાકાત પહેલા રોડ-રસ્તા ઉપર નવો ડામર પથરાઈ જાય તો પહેલા કેમ રોડ રસ્તાની મરામત થતી નહોતી. સિસ્ટમમાં સ્ટંટબાજી જ ચાલી રહ્યે છે માત્ર.

## નારગોલમાં ગ્રામજનોએ બંધ બંગલાને ટાર્ગેટ કરનારા બે ઈસમોને ઝડપી પાડ્યા

**ત્રણ બંગલાના તાળા તોડી ચોરી કરવાના ઈરાદે કિંમતી સમાનની શોધખોળ આદરી પરંતુ સફળતા ના મળી અને પ્રયાસ આગળ વધારે એ પહેલા જ ગ્રામજનોએ ઝડપી પાડી પોલીસ તંત્રને હવાલે કર્યા હોવાની ઘટનામાં ફરિયાદી સામે ન આવતા વધુ તપાસમાં આવેલી રૂકાવટ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૨૫**

ઉમરગામ તાલુકાના નારગોલ ગામ ખાતે બંધ બંગલાને ટાર્ગેટ કરનારા બે ચોર ઈસમો ગ્રામજનોના હાથે ઝડપાઈ જવાની ઘટના પ્રકાશમાં આવી છે. સોળસુંબા ફાટક બહાર રહેતા બે ભાઈઓએ ચોરી કરવાના ઈરાદે નારગોલ ગામની અંદર ત્રણ બંધ બંગલાના તાળા તોડી પ્રવેશ કર્યો હતો પરંતુ બંગલામાંથી કિંમતી સામાનની ચોરી કરવામાં સફળતા મળી ન હતી. આ બંને ભાઈઓ ચોરીનો પ્રયાસ આગળ વધારે એ પહેલા એમની હલનચલન ઉપર ગ્રામજનોને શંકા જતા પૂછપરછ હાથ ધરી હતી. તપાસ કરતા એમની પાસેના મોપેડ સ્કૂટરની ડીકીમાંથી તાળા કાપવાના કટર અને અન્ય સામગ્રી મળી આવતા ગ્રામજનોની શંકા પ્રબળ બની જવા પામી હતી. આ બંને ચોર ઈસમની ધરપકડ કરી પોલીસ તંત્રને હવાલે કરવામાં આવી હતા. પરંતુ કોઈપણ ફરિયાદી સામે ના આવતા પોલીસ તંત્રની તપાસમાં રૂકાવટ આવી જવા પામી છે. બંને ઈસમોનો ઈતિહાસ ગુનાહિત હોવાનું પણ સામે આવી રહ્યું છે.

## તંત્રની બુધ્ધિનું દેવાળું

# વલસાડ કોસંબા શાળાના મકાનને જર્જરતી જાહેર કરાયું તો પણ એજ મકાનમાં આયુર્વેદિક દવાખાનું કાર્યરત

**જીવના જોખમે દર્દીઓ આ મકાનમાં સારવાર લઈ રહ્યા છે**







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૫**

વલસાડ જિલ્લા વહીવટી તંત્રાની બુધ્ધિના દેવાળાની ચોંકાવનારી હકીકતો સામે આવી છે. વલસાડના કોસંબા પ્રાથમિક શાળા મકાનમાં શાળાની સાથે સાથે જિલ્લા પંચાયત દ્વારા સંચાલિત આયુર્વેદિક દવાખાનું પણ કાર્યરત છે. હવે માર્ગ અને મકાન વિભાગે શાળાનું મકાન જર્જરીત હોવાની જાહેર સુચના મારી દીધી છે પરંતુ અહો વૈચિત્રમ તો એ છે કે આજ જર્જરીત મકાનમાં હાલ પણ જિ.પં. સંચાલિત આયુર્વેદિક દવાખાનું ચાલું છે અને દર્દીઓ જીવના જોખમે સારવાર કરાવવા આવી રહ્યા છે.

વહિવટી તંત્રના છબરડા ગણો કે બુધ્ધિનું દેવાળું ગણો એવી આ કડવી વાસ્તવિકતા કોસંબા ગામે જોવા મળી છે. ગામની શાળાનું મકાન જર્જરીત થતા માર્ગ મકાન વિભાગે જાહેર સુચના આપતું બોર્ડ લાગવી દીધું છે. મકાનની આજુબાજુ કે ઓટલા ઉપર કોઈએ પ્રવેશ કરવો નહીં. જન હિતની આ સુચનાનું પાલન નહી કરો તો જવાબદારી તમારી રહેશે. થોભે હવે આજ જર્જરીત મકાનમાં જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદિક દવાખાનું પણ કાર્યરત છે. તો શું દવાખાનાનો હિસ્સો જર્જરીત નથી એમ માની લેવાનું? વહીવટી તંત્રના બુધ્ધિના દેવાળા હેઠળ હાલ જીવના જોખમે લોકો, દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

# વલસાડ હાઈવે અકસ્માત એપીક સેન્ટર બની રહ્યો છેઃ બે દિવસમાં ત્રણ ગંભીર અકસ્માત થયા

**નંદાવાલા ખાડી પાસે ટેમ્પો અને કાર, ગુંદલાવ ઓવરબ્રિજ કાર-ટેમ્પો અને સરોધી પાસે શેરડી ભરેલી ટ્રક પલટી**









**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૫**

વલસાડ જિલ્લામાંથી નેશનલ હાઈવે-૪૮ પસાર થાય છે. હાઈવે ઉપર ખાસ કરીને વલસાડ નજીકના હાઈવે ઉપર ગંભીર રીતે લગભગ રોજીંદા જેવા અકસ્માત સર્જાતા રહે છે જાણે વલસાડનો હાઈવે અકસ્માત એપીક સેન્ટર બની ગયો હોય. આ પરિસ્થિતિ ચિંતાજનક લેખાવી શકાય એમ છે. હાઈવે ઉપર ૪૮ કલાકમાં ત્રણ અકસ્માત સર્જાયા છે.

વલસાડ હાઈવે ઉપર આજે મંગળવારે બે અકસ્માત સર્જાયા હતા. જેમાં પ્રથમ અકસ્માત પુનાથી અમદાવાદ સ્પેર પાર્ટ ભરી જઈ રહ્યો હતો ત્યારે નંદવાલા ખાડી પુલ સાથે ટેમ્પો ધડાકાભેર અથડાયો હતો. આ ટેમ્પો નં.જીજે ૨૩ એડબલ્યુ ૧૫૮૩ નો ચાલકનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતનો બીજો બનાવ હાઈવે ગુંદલાવ ઓવરબ્રિજ નજીક પુરઝડપે આવી રહેલ કાર નં.જીજે ૫ જેએન ૨૪૪૨ વાપીથી સુરત તરફ જઈ રહી હતી ત્યારે ચાલકે કાબુ ગુમાવતા કાર ડિવાઈડર કુદી સામેની ટ્રક ઉપર આવી રહેલ જે વાપી સામાન ભરવા જઈ રહેલ ટેમ્પા નં.જીજે-૫-બીઝેડ સાથે ધડાકાભેર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. બન્ને વાહનોના ઘાયલ ચાલકોને લોકોએ બહાર કાઢીને સારવાર માટે મોકલી આપ્યા હતા. તેવી જ રીતે ત્રીજો અકસ્માત સોમવારે રાત્રે હાઈવે સરોધી પાસે વલસાડ સુગર ફેક્ટરીમાં શેરડી ભરીને નાખવા જઈ રહેલ ટ્રક ચાલકે કાબુ ગુમાવતા પલટી મારી ગઈ હતી. અકસ્માતમાં ચાલક ઘાયલ થયો હતો. ઉપરા ઉપરી અકસ્માતને લઈને હાઈવે ટ્રફિક પ્રભાવિત થયો હતો. વારંવાર સર્જાતા અકસ્માતો સાબિત કરી રહ્યા છે કે વલસાડ હાઈવે અકસ્માત એપીક સેન્ટર બની ગયો છે.

# વલસાડ હાઈવે ઉપર ફોર્ચ્યુનર કારમાં દારૂનો જથ્થો ભરી લઈ જતા સુરતના દંપતિને પોલીસે ઝડપી લીધું




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૫**

વલસાડ હાઈવે ઉપર દમણથી પોતાની ફોર્ચ્યુનર કારમાં દારૂનો જથ્થો ભરીને સુરત લઈ જઈ રહેલ દંપતિને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વલસાડ સીટી પી.આઈ. ડી.ડી. પરમાર અને સ્ટાફ હાઈવે ઉપર પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે દમણથી દારૂનો જથ્થો ભરેલી કારને ઝડપી પાડી હતી. ચોંકાવનારી વિગતો તપાસમાં બહાર આવી છે. સુરત ભેસ્તાન લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા પતિ-પત્ની તેમની ફોર્ચ્યુનર કાર નં.એમએચ ૦૨ ડીએન ૮૦૨૦ માં રૂા.૯૨ હજારની કિંમતનો દારૂનો જથ્થો ભરી દમણથી સુરત જઈ રહ્યા હતા. વલસાડ હાઈવે ઉપર પોલીસે કારને ઝડપી પાડી હતી. અત્યાર સુધી મોટાભાગમાં દારૂની હેરાફેરી બુટલેગરો કરતા હવે આ ધંધામાં સારા પરિવારો પણ જોડાયા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે કાર ચાલક પતિ દિપેશ કાલે અને પત્ની અંજલીબેન કાલેની ધરપકડ કરી કાર સાથે મુદ્દામાલ જપ્ત કરીને પ્રોહિબિશન એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વલસાડ જિલ્લાની તમામ અદાલતોમાં ૧૩ ડિસેમ્બરે રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૫**

લોકોને ઝડપી અને અસરકારક ન્યાય મળી રહે તે માટે સુપ્રીમ કોર્ટ દ્વારા સમયાંતરે જરૂરી પગલાં લેવામાં આવે છે. સુપ્રીમ કોર્ટ સંચાલિત રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, રાજ્યની હાઈકોર્ટ સંચાલિત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા સ્તરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા સ્તરે તાલુકા કાનૂની સેવા સમિતી દ્વારા વિવિધ કોર્ટોમાં તેની અમલવારી કરવામાં આવે છે. આ અભિગમનાં ભાગરૂપે સમયાંતરે દેશભરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. આ લોકઅદાલતમાં સમાધાન લાયક ફોજદારી કેસો, દિવાની કેસો અને પ્રિ-લીટીગેશન કેસોમાં શક્ય તેટલો ઝડપથી અને સંતોષકારક ન્યાય અપાવવા પ્રયાસ થાય છે.

વલસાડ જિલ્લામાં આગામી તા.૧૩/૧૨/૨૦૨૫ નાં રોજ અધ્યક્ષશ્રી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા અદાલત તેમજ જિલ્લાની તમામ તાલુકા અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલતમાં પડતર કેસો જેવા કે, ક્રિમીનલ કંપાઉન્ડેબલ કેસો, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ અન્વયેનાં (ચેક રિટર્નનાં) કેસો, લગ્ન વિષયક તકરારનાં કેસો, મોટર અકસ્માત વળતરને લગતાં કેસો, જમીન સંપાદન વળતરનાં કેસો, દિવાની દાવા જેવા કે ભાડા/ભાડુઆતને લગતા કેસો, મનાઈહુકમ- જાહેરાત- કરાર પાલન વિગેરે સંબધિત દાવા તેમજ બેન્ક-ફાયનાન્સ કંપનીનાં વસુલાતનાં કેસો, વિજ બીલનાં વસુલાતનાં કેસો, ટેલિફોન-મોબાઈલ કંપનીઓનાં બિલનાં વસુલાતનાં કેસો વિગેરે જેવાં પ્રિ-લીટીગેશન કેસો તેમજ ટ્રાફીક ઈ-ચલણનાં વસુલાતનાં કેસો લેવામાં આવશે કે જેમાં ઈ-ચલણનાં નાણાંની ચુકવણી કરી દેવાથી ભવિષ્યમાં તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી થશે નહી. જેથી આ લોક અદાલતનો જાહેર જનતા વધુમાં વધુ લાભ લે અને લોક અદાલતનાં દિવસે તા.૧૩/૧૨/૨૦૨૫ નાં રોજ સંબધિત અદાલત સમક્ષ હાજર રહે તેવી અપીલ કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કરવામાં આવી છે.